सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, NOVEMBER 6, 2025 / KARTIKA 15, 1947** **[No. 45**

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	3799-3856	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	89
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	45	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1619-1656

પોલીસ કમિશનર દ્વારા

વંચાણે લીધા:-

(૧) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી સુભાષબ્રીજના પત્ર ક્રમાંકઃ નં.આરટીઓ/અનઅધિકૃત વ્યક્તિ/પ્રવેશબંધ/૭૩૨૬ તા.૦૧/૦૭/૨૦૨૫

(૨) સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી વસ્ત્રાલ અમદાવાદ પુર્વના પત્ર ક્રમાંક:નં.એઆરટીઓ/જાહેરનામું/અનધિકૃત વ્યક્તિ/પ્રવેશબંધ/૨૫-૬૫૮ તા.૦૧/૦૭/૨૦૨૫

-: જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:- વિ.શા./એ-સેકશન/૫૨મીટ / RTO / જાહેરનામું /૯૨/૨૦૨૫.- પોલીસ કમિશનર અમદાવાદ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં (૧) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, સુભાષબ્રિજ સર્કલની બાજુમાં, અમદાવાદ શહેર તથા (૨) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની

કચેરી, વસ્ત્રાલ, અમદાવાદ શહેર ખાતે આવેલ છે. આ કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે.સંદર્ભમાં જણાવેલા પત્રમાં દર્શાવેલ વિગત મુજબ આર.ટી.ઓ. માં એજન્ટ પ્રથા નાબુદ હોવા છતાં કેટલાંક ઈસમો કચેરીની આસપાસ અથવા કચેરીના નજીકના સ્થળે એકલા અથવા ટોળી બનાવીને કચેરીમાં પ્રવેશતા અરજદાર/નાગરીકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ ગેરમાર્ગે દોરીને વચેટીયા (એજન્ટ) તરીકે કામ કરાવી આપવાનું જણાવી, જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે.

જેથી આવી પ્રવૃતિ અટકાવવા સારૂ ઉપરોક્ત બંન્ને કચેરીઓ ખાતે પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમ અથવા ઈસમોની ટોળીને કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઉભા રહેવા તેમજ કચેરીમાં પ્રવેશતા અટકાવવામાં આવે તે જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં આવેલ ઉપરોકત કચેરીઓ ખાતે કોઈપણ અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી દ્વારા સદરહું કચેરીઓમાં આવતી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી પૈસા પડાવવા જેવી ગેરકાયદેસર પ્રવૃતિ કરવાના ઈરાદાઓ ધરાવતી વ્યક્તિઓના ઉપરોકત કચેરીઓના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં ઉભા રહેવા ઉપર તેમજ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છુ.

આ હુકમ તા.૦૭/૦૭/૨૦૨૫ કલાક ૦૬/૦૦ થી તા.૦૪/૦૯/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:-વિસ્તાર:-

(૧) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, સુભાષ બ્રિજ સર્કલની બાજુમાં, અમદાવાદ શહેર તથા

(૨) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, વસ્ત્રાલ, અમદાવાદ શહેરની કચેરી તથા કચેરીના મુખ્ય ગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજ્યાનો વિસ્તાર.

-: શિક્ષા:-

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા:-

(૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩, અમદાવાદ શહેરનાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૩/૨૨૭૩/૨૦૨૫ તા.૦૭/૦૭/૨૦૨૫ તથા;

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫, અમદાવાદ શહેરનાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૫/આરબી/૧૧૯૮૯/૨૦૨૫ તા.૦૮/૦૭/૨૦૨૫.

-:જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે.

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામું/૯૩/૨૦૨૫.-અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/ છરી/ ચપ્પુ/ ગુપ્તી/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૧/૦૭/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૫/૦૭/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: કૃત્યો:-

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક ઓછી કરવી સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની..

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અપવાદ :-

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

૩. પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓને જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા:-

- પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગરના જાવક પત્ર ક્રમાંક-G-1/કા.અનેવ્ય./ટે.૨/૦૩/ચરત્ર/૩૨૬/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ આધારે.

-: જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.

ક્રમાંક: વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ઔદ્યોગિક એકમોના કામદારો /૯૪/૨૦૨૫.-અમદાવાદ શહેરમાં ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોના વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાનામાં, મકાન બાંધકામમાં, ટેક્ષટાઈલ ઉદ્યોગમાં, હિરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં તથા પ્રાઈવેટ સેકટરમાં કામ કરતા ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી, કારીગરો સોની કામ કરતા પરપ્રાંતિઓ મજુરો વગેરે માલિકોનો વિશ્વાસ કેળવી તેઓ માલિકોની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલકત સબંધિત તેમજ શરીર સબંધિત ગુનાઓ આચર્યા બાદ ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુન્હાઓ વણ શોધાયેલા રહેવા પામે છે તેમજ ઘણાં કિસ્સામાં આવા પરપ્રાંતિઓ તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી અમદાવાદ શહેરમાં આશરો લેતા હોય છે અને ભુતકાળમાં બાંગ્લાદેશી લોકો દ્વારા ઘુષણખોરી કરીને રોજગારી મેળવીને પણ અમદાવાદ શહેરમાં ગુનાખોરી કરેલ હોવાનુ ધ્યાને આવેલ છે જે દેશની આંતરિક સુરક્ષા માટે ગંભીર બાબત છે જેથી દેશની સુરક્ષા માટે તેમજ જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨.૧૦૮૦.એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકાળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજુરો જે હાલમાં કામ ઉપર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજીદા કે કોન્ટ્રાકટના કર્મચારી/ કારીગરો/ મજુરો/નોકરોની માહિતી/ હકિકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એપ્લિકેશન મારફતે ફરજીયાત પણે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે તથા તે વિગત પોતાની પાસે પણ રાખવાની રહેશે તેમજ આવા તમામ ઈસમોની નાગરિકતાની ખરાઈ અંગેની સુનિશ્ચિતતા કરવાની જવાબદારી જે-તે ઔધોગિક એકમોના માલિક/મેનેજર/સંચાલકની રહેશે સ્થાનિક પોલીસ દ્વારા તથા એ.ઓ.જી, ક્રાઈમ બ્રાન્ચ અન્ય શાખા દ્વારા જ્યારે જ્યારે આ ઈસમોની નાગરિકતાની ખરાઈ અંગે રેકર્ડ માંગે ત્યારે રજુ કરવાનુ રહેશે તેમજ નવા કામદારો લીધેલ હોય તો તેઓની દિન-૦૭ માં ફરજીયાત નોંધણી જે તે એકમ સંચાલકે કરાવવાની રહેશે.

અ.નં	વિગત
૧	ઔધોગિક એકમો અને અન્ય એકમો સાથે સંકળાયેલા નામ તથા સરનામું તથા ટેલીફોન નંબર
૨	કામે રાખેલ નોકરો /મજુરો /કારીગરો /વોચમેનો /માળીઓ /ડ્રાઈવરો / રસોઈયાઓનુ પુરૂ નામ ઓળખ ચિન્હો, હાલનુ પુરૂ સરનામું તેમજ વતનનુ પુરૂ સરનામુ.
૩	નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયાઓને રાખ્યાની તારીખ.
૪	કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે, તેનુ નામ/ સરનામું/ ટેલીફોન નંબર
૫	નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયાઓનો ફોટો અને નોકરી વખતે આપવામાં આવેલ દસ્તાવેજ (આધાર કાર્ડ / ડ્રાઈવીંગ લાયસન્સ/ વોટર આઈ.ડી વિગેરે)

આ હુકમ તા.૧૨/૦૭/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૯/૦૯/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:શિક્ષા:-

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનામ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

-: જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક: વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/ પરમીટ /૯૫/૨૦૨૫.-અમદાવાદ શહેરમાં દર વર્ષે ગણેશ મહોત્સવનો તહેવાર ખુબ ઉત્સાહ અને ધામધુમ પુર્વક મનાવવામાં આવે છે. ચાલુ વર્ષે તા.૨૭/૦૮/૨૦૨૫ ના રોજ ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થશે અને તા:૦૬/૦૯/૨૦૨૫ સુધીમાં ગણેશજી ની પ્રતિમાઓનું વિસર્જન થનાર છે. આ મહોત્સવ અગાઉ મુર્તિકારો દ્વારા બનાવવામાં આવતી મુર્તિઓના કદ બાબતે ઉચાઈનું યોગ્ય અને નિયત ધોરણ જાળવી રાખવામાં આવે જેથી વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન શોભાયાત્રા દરમ્યાન ટ્રાફીક સરળતાથી ચાલુ રહે અને કાયદો-વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેમજ મુર્તિ બનાવવાના સ્થળે ગંદકી કરવાના કારણે રોગચાળો ફેલાવવાની શકયતા રહે છે. મુર્તિ બનાવટમાં બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય એવા કોઈ ચિહ્નો કે નિશાની રાખવામાં ન આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે.ઉપરાંત મુર્તિ બનાવવા માટે કેમીકલ યુકત રંગોના ઉપયોગ થતા હોય આવી મુર્તિઓને નદી તથા તળાવના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતા પાણી જન્ય જીવો, માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા કેન્દ્રીય પ્રદુષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડ લાઈન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ વખતો-વખત ના ઠરાવો અને નામદાર સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા મુર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઈડ લાઈનને ધ્યાને રાખવી જરૂરી છે.

પર્યાવરણ (એન્વયારમેન્ટ પ્રોટેકશન) એકટ-૧૯૮૬ ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ ખાતાના પત્ર નં.ENV/10/2010/1004-Part-II(2021)/T તા:૦૪/૦૯/૨૦૨૩ ની સુચના અનુસાર નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટની

સુચના તથા આપેલ આદેશ અનુસાર ગણેશોત્સવ દરમ્યાન પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલા રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ.માં મળેલ સત્તાની રુએ અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર રેટ વિસ્તારમાં નીચે જણાવેલ સમયગાળા દરમ્યાન નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

" પ્રતિબંધીત કૃત્ય "

(૧) શ્રી ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિતની "૯" ફુટ કરતા વધારે ઉંચાઈની બનાવવા, વેચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા ઉપર.

(૨) શ્રી ગણેશજીની પી.ઓ.પી.ની મૂર્તિઓ અને બેઠક સહિતની "૫" ફુટ થી વધારે ઉંચાઈની બનાવવા, વેચવા, સ્થાપવા, જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા અને નદી, તળાવ સહિતના કુદરતી જળસ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર.

(૩) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે. તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ખુલ્લી રાખવા ઉપર તથા વધેલી તથા ખંડીત મૂર્તિઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૪) મૂર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુકત રંગોનો ઉપયોગ કરવા ઉપર.

(૫) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હ કે નિશાની વાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેચવા ઉપર.

(૬) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર શોભાયાત્રા કાઢવા ઉપર.

(૭) પરમીટમાં દર્શાવેલ સ્થળ સિવાય અન્ય સ્થળ ઉપર વિસર્જન કરવા પર.

(૮) A.M.C. દ્વારા બનાવેલ કૃત્રિમ કુંડો સિવાયના જળ સ્ત્રોતોમાં વિસર્જન કરવા ઉપર.

તમામ માટી તથા પી.ઓ.પી.ની મૂર્તિઓનું વિસર્જન A.M.C.દ્વારા બનાવેલ કૃત્રિમ કુંડોમાં કરવાનું રહેશે.

-: પ્રતિબંધિત વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

''પ્રતિબંધની અમલવારીનો સમયગાળો''

આ હુકમ તા.૧૫/૦૭/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૨/૦૯/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

:-શિક્ષા-:

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જી.એસ.મલિક
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

:: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબનું

ક્રમાંક:ટ્રાફિક/મહોરમ-તાજીયા/જાહેરનામું/૭૧૬૬/૨૦૨૫.-સુરત શહેર ખાતે તા.૦૬/૦૭/૨૦૨૫ નાં રોજ મુસ્લીમ સંપ્રદાયનો તહેવાર "મોહરમ (તાજીયા)" હોય તાજીયા વિસર્જનના આગલા દિવસે રાત્રે શહાદતની રાત તથા તાજીયા વિસર્જનના દિવસે તાજીયાના ઝુલુસ(સરઘસ) માં તાજીયા, અખાડા, સવારી (પંજા), પાણીના વાહન તથા વાજીંત્રો(સ્પીકર) સાથે સરઘસ કાઢવામાં આવે છે. તાજીયાના આ સરઘસમાં મુસ્લીમ સંપ્રદાયના લોકો મોટા પ્રમાણમાં જોડાય છે. તેમજ હિન્દુ તથા અન્ય સંપ્રદાયના લોકો પણ તાજીયાના દર્શન કરવા માટે ભેગા થતાં હોય છે.

આ "મહોરમ" (તાજીયા)ના તહેવારમાં તા.૦૫/૦૭/૨૦૨૫ નાં રોજ શહાદતની રાત તથા તા.૦૬/૦૭/૨૦૨૫ ના "તાજીયા વિસર્જન"ના જુલુસ દરમ્યાન સમગ્ર સુરત શહેરમા ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા.૦૫/૦૭/૨૦૨૫ ની શહાદતની રાત તથા તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજ તાજીયા વિસર્જનના સરઘસ દરમ્યાન જાહેર જનતાના હિતાર્થે ટ્રાફિક નિયમન સરળતાથી થઈ શકે અને કાયદો વ્યવસ્થાની પરિસ્થીતી જળવાઈ રહે તે માટે (૧) દિલ્હીગેટ ચારરસ્તા, થી રૂવાળા ટેકરા, ભાગળ ચાર રસ્તા, જુની લાલગેટ, નાનાવટી રોડ, ક્રાઉન ડેરી ચાર રસ્તાથી હોળી બંગલા સુધીના (૨) મોતી ટોકિઝ ચારરસ્તા થી ઝાપા બજાર ટાવર, ભાગળ ચારરસ્તા સુધીના માર્ગ પર કોઈ પણ પ્રકારના વાહનો પાર્ક કરવા પર તથા વાહન વ્યવહાર માટે પ્રતિબંધ ફરમાતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું ખુબજ અગત્યનુ જણાય છે.

વાસ્તે હું અનુપમ સિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તા.૦૫/૦૭/૨૦૨૫ ની શહાદતની રાત તથા તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજ તાજીયા વિસર્જનના સરઘસ દરમિયાન નીચે મુજબની તારીખ, સમય તથા જગ્યાએ રસ્તા ઉપર વાહન પાર્ક કરવા તથા વાહન વ્યવહાર માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: શહાદતની રાત પ્રતિબંધિત કૃત્ય અને વિસ્તાર ::

તા.૦૫/૦૭/૨૦૨૫ ના ક.૧૯/૦૦ થી ૨૪/૦૦ સુધી તથા તા.૦૬/૦૭/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી ૦૩/૦૦ સુધી

અ.નં.	બંધ કરેલ માર્ગ	વૈકલ્પિક માર્ગ
૧	એર ઈન્ડિયાથી કોટ-સફિલ રોડ, કરવા રોડ, બેગમપુરા ચોકી થઈ મુંબઈવડ થઈ સહારા દરવાજા સુધીનો માર્ગ	સલાબતપુરા વિસ્તાર તરફ અને ઝાંપાબજાર થઈ દિલ્હિગેટ તથા રિંગ રોડ તરફ જઈ શકાશે.
૨	સળીયાવાળા માર્કેટથી ટાવર સુધીનો માર્ગ	સળીયાવાળા માર્કેટથી આંતરિક ગલીઓનો ઉપયોગ કરી રિંગરોડ તરફ જઈ શકાશે.

:: તાજીયા વિસર્જન પ્રતિબંધીત વિસ્તાર અને કૃત્ય ::

તા.૦૬/૦૭/૨૦૨૫ ના કલાક-૧૨/૦૦ થી વિસર્જન પૂર્ણ થાય ત્યાં સુધી

અ.નં.	બંધ કરેલ માર્ગ	વૈકલ્પિક માર્ગ રાંદેર/ લીગે
૧	દિલ્હીગેટ ચારરસ્તા થી જુની લાલગેટ, નાનાવટી રોડ, ક્રાઉન ડેરી સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે.	દિલ્હીગેટ ચારરસ્તા થી રાંદેર તરફ જવા માટે દિલ્લાગટ થી રિંગરોડ થઈ સરદાર બ્રિજ અને ગોટાલાવાડીથી કતારગામ દરવાજા થઈ જીલાની બ્રિજથી જઈ શકાશે. તથા રાંદિર તરફથી સ્ટેશન તરફ જવા માટે તમામ પ્રકારના વાહનો સરદાર બ્રિજથી રિંગરોડ તથા જીલાની બ્રિજ થઈ રેલ્વે સ્ટેશન જઈ શકાશે.
૨	મોતી ટોકિઝ ચારરસ્તા થી ઝાપા બજાર ટાવર, ભાગળ ચારરસ્તા સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે	મોતી ટોકિઝ ચારરસ્તા થી વેડ દરવાજા, રાંદિર તરફ જવા માટે ફાલસાવાડી થઈ દિલ્હી ગેટ બ્રીજ ચઢી જિલ્લાની બ્રીજ થઈ તેમજ રીંગરોડ બ્રીજ ચઢી રાંદેર તરફ જઈ શકશે, તથા રાંદિર તરફથી સ્ટેશન તરફ જવા માટે તમામ પ્રકારના વાહનો સરદાર બ્રિજથી રિંગરોડ તથા જીલાની બ્રિજ થઈ રેલ્વે સ્ટેશન જઈ શકાશે.
૩	ક્રાઉન ડેરી ચાર રસ્તાથી વેડ દરવાજા સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે.	હોપ પુલ, જીલાની બ્રિજ થી કતારગામ-રાંદિર તરફ તે જ રીતે અઠવા રિંગ રોડ તરફ જઈ શકાશે.
૪	રૂકમા બાઈ હોસ્પીટલ ચારરસ્તા થી જુની લાલગેટ સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે.	આંતરિક ગલીઓનો ઉપયોગ કરી શકાશે.
૫	હોળી બંગલાથી કતારગામ દરવાજા સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે.	વેડ દરવાજાથી જીલાની બ્રિજ નો ઉપયોગ કરી રાંદિર તરફ જઈ શકાશે.
૬	ભાગળ ચાર રસ્તાથી નવસારી બજાર ચાર રસ્તા સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે.	આંતરિક ગલીઓનો ઉપયોગ કરી શકાશે.
૭	નવસારી બજાર ચાર રસ્તાથી ઉધના દરવાજા સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે.	ઉધના દરવાજાથી રિંગ રોડ તરફ તથા નવસારી બજારથી મકાઈપુલ તરફ જઈ શકાશે.

૮	સળીયાવાળા માર્કેટથી ટાવર સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે.	બેગમપુરા ચોકીથી આંતરિક ગલીઓનો ઉપયોગ કરી શકાશે.
૯	કાંસકીવાડ થી ભાગળ સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે.	કાંસકીવાડ ત્રણ રસ્તાથી આંતરિક ગલીઓનો ઉપયોગ કરી શકાશે.
૧૦	સહારા દરવાજાથી મોતી સિનેમા સુધીનો બન્ને તરફનો આવવા જવાનો રસ્તો બંદ રહેશે.	સલાબતપુરા બેગમપુરા અને ઝાંપાબજાર વિસ્તારના વાહનો આંતરિક ગલીઓનો ઉપયોગ કરી કિન્નારી સિનેમા થઈ રિંગરોડ થઈ રેલવે સ્ટેશન તરફ જઈ શકશે.
૧૧	શીતલ ચારરસ્તા થી હોપ પુલ ચોક તરફ જવાનો રસ્તો બંધ રહેશે	શીતલ ચારરસ્તા થી મક્કાઈપુલ તરફ મકાઈપુલ અડાજણ તરફ જઈ શકાશે

:: વાહન પાર્કિંગ પ્રતિબંધ ::

તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજ તાજીયા વિસર્જન સરઘસના દિવસે દિલ્લીગેટથી જુની લાલગેટ, નાનાવટી રોડ, ક્રાઉન ડેરી ચાર રસ્તાથી હોળી બંગલા સુધીના માર્ગ પર કોઈ પણ પ્રકારના વાહનો પાર્ક કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: અપવાદ ::

આ પ્રતિબંધ ગુજરાત રોડ ટ્રાન્સપોર્ટ(એસ.ટી.)ની બસો, સરકારી આવશ્યક સેવાના વાહનો, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડના વાહનો તથા પોલીસના વાહનોને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાયિક સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૦૩/૦૭/૨૦૨૫ નાં રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

અનુપમ સિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત શહેર

કલેકટર દ્વારા

ફોર્મ-૩

પરિવર્તનીય વિસ્તારમાં પૂરક મહેસુલ સેટલમેન્ટ કરવા સારૂ કલેકટર દ્વારા જાહેરનામું.

(કલમ ૧૨૫ બી અને નિયમ ૧૯-બીબી)

નં.ગણત-૭/સુચિત/પરાગજીનગર વિ-૨/કતારગામ/જાહેરનામું/વશી નં ૧૭૫/૨૦૨૫.– આથી નીચે જણાવેલ પરિવર્તનીય વિસ્તારમાં સમાવિષ્ટ કરવામાં આવેલ વિસ્તાર માટે પૂરક મહેસુલ સેટલમેન્ટ કરવા સારૂ સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં જાહેરનામા ક્રમાંક :જીએચએમ-૧૫૩-૨૦૨૫-આરડી-એમએસએમ-ઈ-ફાઈલ-૧૫-૨૦૨૩-૧૪૨૪૦-એચ તા.૦૨/૦૭/૨૦૨૫ (અત્રે જી-મેઈલ દ્વારા મળ્યા તા.૦૩/૦૭/૨૦૨૫) થી અનુમતિ આપવામાં આવેલ છે.

જે અન્વયે મોજે:- પીસાદ (પરાગજીનગર સોસાયટી વિભાગ-૨) તાલુકો-કતારગામ, સુરત શહેરનાં નીચેના પરિવર્તનીય વિસ્તારમાં પૂરક મહેસુલ સેટલમેન્ટ કરવા ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૧૨૫-ખ મુજબ હદ ઠરાવવા સત્તા એનાયત થયેલ છે.

ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની જોગવાઈઓ, મુજબ મળેલ સત્તાની રૂએ હું ડૉ. સૌરભ પારધી (આઈ.એ.એસ.) કલેકટર સુરત, જિલ્લો સુરત આ સાથેના અનુસુચિ-૧, અનુસુચિ-૨, અનુસુચિ-૩, અને અનુસુચિ-૪, મુજબનાં વિસ્તારમાં સમાવિષ્ટ કરેલ મિલકતો/જમીનો અને મુસદ્દારૂપ નકશામાં જણાવ્યા મુજબનાં વિસ્તારને પરિવર્તનીય વિસ્તાર જાહેર કરી પૂરક મહેસુલ સેટલમેન્ટ દાખલ કરવા જાહેર કરુ છું.

અનુ	વિસ્તારનું નામ	વિસ્તારમાં સમાવિષ્ટ પેટા વિસ્તારની વિગતો	વિસ્તારની ચર્તુ:દિશા			વિસ્તારનું અંદાજીત ક્ષેત્રફળ
૧	૨	૩	૪			૫
૧	પરાગજીનગર સોસાયટી વિભાગ-૨ મોજે.પીસાદ, સર્વે નં. ૧૬/૧, બ્લોક નં. ૨૪/એ ટી.પી.નં.૪૫ (જહાંગીરપુરા-પીસાદ), એફ.પી.નં.૪૩, તા.અડાજણ (હાલ કતારગામ જિ.સુરત	**પરાગજીનગર સોસાયટી વિભાગ-૨**	૧	પૂર્વ	લાગુ એફ.પી.નં.૪૬	૫૩૬૬.૦૦ ચો.મી
			૨	પશ્ચિમ	લાગુ ટી.પી. રોડ	
			૩	ઉત્તર	લાગુ ટી.પી. રોડ	
			૪	દક્ષિણ	લાગુ ટી.પી. રોડ & લાગુ ટી.પી.નં. ૩૦ એફ.પી.નં. ૬૮	

સુરત, તારીખ ૦૫/૦૭/૨૦૨૫.

ડો. સૌરભ પારધી,
કલેકટર, સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:એમએજી/બકરી ઈદ/જાહેરનામુ/વશી/૨૮૪૫/૨૦૨૫.– બકરી ઈદનાં તહેવારની ઉજવણી તા.૦૬/૦૬/૨૦૨૫ થી તા.૦૭/૦૬/૨૦૨૫ નાં રોજ થશે અને તહેવારનાં દિવસોમાં કતલખાનાની બહાર કોઈ પણ જાહેર કે ખાનગી સ્થળે જુદા જુદા પશુઓની કતલને કારણે તેમજ જાહેર શેરીઓમાં કે સ્થળ પર દેખાય તે રીતે અન્ય કોઈ પણ પશુની કતલને કારણે સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ પગલા લેવા માટે પુરતું કારણ છે તેમજ તાત્કાલિક ધોરણે સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવાનું ઈચ્છનીય છે.

સબબ, હું ગૌરાંગ મકવાણા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂ એ આથી ફરમાવુ છું કે,

(૧) ભરૂચ જિલ્લાની હદની અંદર કોઈપણ વ્યક્તિએ તા.૦૬/૦૬/૨૦૨૫ થી તા.૦૭/૦૬/૨૦૨૫ સુધી (બંને દિવસ સહિત) કતલખાનાનાં મકાનની બહાર કોઈ પણ જાહેર સ્થળે જુદા જુદા પશુઓની કતલ કરવી નહીં તેમજ ભરૂચ જિલ્લાની હદમાં કોઈ પણ જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઈ પણ પશુની કતલ કરવી નહીં.

(૨) કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહીં.

(૩) બકરી ઈદ તહેવાર નિમિત્તે કુરબાની પછી જાનવરનાં માંસ, હાંડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા નહી.

ધી બોમ્બે એનિમલ પ્રિઝર્વેશન એકટ, ૧૯૫૪ તથા પ્રિવેન્શન ઓફ ક્રૂઅલ્ટી ટુ એનિમલ એકટ-૧૯૬૦ થી જે પશુઓની કતલ પર પ્રતિબંધ મુકેલ છે, તે પશુઓની કતલ ખાનગી કે જાહેર સ્થળોએ થઈ શકશે નહિ.

વિસ્તાર

ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

સમયગાળો

આ જાહેરનામુ તા.૦૬/૦૬/૨૦૨૫ સમય ૦૦:૦૦ કલાક થી તા.૦૭/૦૬/૨૦૨૫ રાત્રીનાં ૧૨:૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૫/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા:-

(૧) ગૃહ વિભાગ (વિશેષ), સચિવાલય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:HD/MSM/e-file/ 8/ 2025/ 2718/ SB1, તા.૦૫/૦૫/૨૦૨૫.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલ.આઇ.બી./અભિપ્રાય/૨૦૨૫/૨૦૨૫, તા.૧૬/૦૬/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/જા.ના./વશી/૩૧૫૮/૨૦૨૫.-આમુખ-૧ થી ગૃહ વિભાગ, ગાંધીનગરનાં પત્રથી અત્રેનાં જિલ્લામાં આવેલ નદી, તળાવ, નહેર, દરીયા વગેરે જેવા જળાશયો સંદર્ભે જ્યાં જ્યાં અનિચ્છનીય ઘટનાઓ બનવાની શક્યતાઓ રહેલ હોય તેવા ભયજનક સ્થળોએ કોઈ પણ વ્યક્તિ/ પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો પ્રસિધ્ધ કરવા તેમજ આ હુકમોનું ચુસ્તપણે પાલન કરવા જણાવેલ. આમુખ-૨ થી અત્રેનાં જિલ્લાનાં આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબનાં જળાશયોમાં કોઈ પણ વ્યક્તિ/ પ્રવાસીઓનાં પ્રવેશ પર પ્રતિબંધ મુકવા પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે અત્રે રજુઆત કરેલ છે.

વાસ્તે, હું ગૌરાંગ મકવાણા, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબનાં તમામ ભયજનક સ્થળો ઉપર કોઈ પણ વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે પ્રતિબંધ મુકવા આથી હુકમ કરુ છું.

અપવાદ

સદરહું જાહેરનામામાંથી માછીમારી સાથે સંકળાયેલ લોકો તેમજ સરકારી ફરજ પર રોકાયેલ કર્મચારીઓને બાકાત રાખવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

પરિશિષ્ટ-૧

પ્રતિબંધીત કરેલ ભયજનક સ્થળો

અ.ન.	ડીવીઝનનુ નામ	પો.સ્ટેનુ નામ	પ્રતિબંધીત કરેલ સ્થળ
૧	અંક્લેશ્વર	અંક્લેશ્વર શહેર 'એ' ડીવીઝન	જુના બોરભાઠા ગામ સ્મશાન ઘાટ ઓવારો
૨	અંક્લેશ્વર	અંકલેશ્વર શહેર 'બી' ડીવી પો.સ્ટે	નર્મદા મૈયા બ્રીજ નીચે નર્મદા નદીમાં
૩	અંક્લેશ્વર	અંક્લેશ્વર જી.આઇ.ડી.સી. પો.સ્ટે.	કોસમડી ગામમાં વોટર વર્કસની બાજુમાં આવેલ ગામ તળાવ
૪	અંકલેશ્વર	અંક્લેશ્વર જી.આઇ.ડી.સી. પો.સ્ટે.	કોસમડી ગામથી બાકરોલ જવાના રોડની બાજુમાં સિમાળા ઉપર આવેલ નાનું તળાવ
૫	અંક્લેશ્વર	અંક્લેશ્વર જી.આઇ.ડી.સી. પો.સ્ટે.	કોસમડી ગામથી બોઇદરા જવાના રોડની બાજુમાં સિમાળા ઉપર આવેલ નાનું તળાવ
૬	અંકલેશ્વર	અંક્લેશ્વર જી.આઇ.ડી.સી. પો.સ્ટે.	ઉકાઈ જમણા કાંઠાની પીવાના પાણીની ખુલ્લી નહેર બાકરોલ તરફથી અંકલેશ્વર જી.આઈ.ડી.સી. તળાવ તરફ જતી નહેર
૭	અંક્લેશ્વર	અંક્લેશ્વર જી.આઇ.ડી.સી. પો.સ્ટે.	ભડકોદ્રા ગામની બાજુમાં આવેલ જી.આઈ.ડી.સી. તળાવ શાલીમાર હોટલની બાજુમાં વાલિયા રોડ
૮	અંક્લેશ્વર	અંક્લેશ્વર જી.આઇ.ડી.સી. પો.સ્ટે.	સમૃદ્ધિ પાર્કની પાછળ આવેલ ભડકોદ્રા ગ્રામ પંચાયતનું નાનું તળાવ
૯	અંક્લેશ્વર	અંક્લેશ્વર જી.આઇ.ડી.સી. પો.સ્ટે.	કોસમડી તરફથી ભડકોદ્રા તરફ થઈ આમલાખાડી તરફ જતી (કોતર) ખુલ્લી નહેર
૧૦	અંક્લેશ્વર	અંક્લેશ્વર જી.આઇ.ડી.સી. પો.સ્ટે.	ઉકાઈ કેનાલ જમણા કાંઠા - જોગર્સ પાર્ક ગાર્ડન થી રાજપીપળા ચોકડી સુધી
૧૧	અંક્લેશ્વર	અંક્લેશ્વર રૂરલ પોલીસ સ્ટેશન	ધંતુરીયા ગામ નદી કીનારે ખાતે આવેલ કોયલી ખાડી તા.અંકલેશ્વર જી.ભરૂચ

૧૨	અંક્લેશ્વર	અંક્લેશ્વર રૂરલ પોલીસ સ્ટેશન	તરીયા ગામ ની હદમાં આવેલ નર્મદા નદી વચ્ચે આવેલ દાંડા બેટ તા.અંકલેશ્વર જી.ભરૂચ
૧૩	અંક્લેશ્વર	પાનોલી પોલીસ સ્ટેશન	ઉકાઇ જમણા કાંઠાની ખેતીના સિંચાઇ માટે પાણીની ખુલ્લી નહેર પાનોલી ગામ તરફથી બજાજ હેલકેર કંપની તરફ જતી નહેર
૧૪	અંક્લેશ્વર	પાનોલી પોલીસ સ્ટેશન	ઉકાઇ જમણા કાંઠાની ખેતીના સિંચાઇ માટે પાણીની ખુલ્લી નહેર બજાજ હેલકેર કંપની તરફથી મહારાજા નગર તરફ જતી ખુલ્લી નહેર મહારાજા નગર ચોકડી પાસે સંજાલી ગામ
૧૫	અંક્લેશ્વર	પાનોલી પોલીસ સ્ટેશન	ઉકાઇ જમણા કાંઠાની ખેતીના સિંચાઇ માટે પાણીની ખુલ્લી નહેર મહારાજા નગર સંજાલી તરફથી પાનોલી GIDCના પી.આઇ.કંપની તરફ જતી ખુલ્લી નહેર
૧૬	અંક્લેશ્વર	પાનોલી પોલીસ સ્ટેશન	ઉકાઇ જમણા કાંઠાની ખેતીના સિંચાઇ માટે પાણીની ખુલ્લી નહેર RSPL કંપની તરફથી બાકારોલ ગામ તરફ જતી ખુલ્લી નહેર પાનોલી GIDC
૧૭	અંક્લેશ્વર	પાનોલી પોલીસ સ્ટેશન	ઉકાઇ જમણા કાંઠાની ખેતીના સિંચાઇ માટે પાણીની ખુલ્લી નહેર પી.આઇ.કંપની તરફથી ઉમરવાડા ગામ તરફ જતી ખુલ્લી નહેર ઉમરવાડા ગામ
૧૮	અંક્લેશ્વર	પાનોલી પોલીસ સ્ટેશન	ઉકાઇ કેનાલ જમણા કાંઠાની ખેતીના સિંચાઇ માટે પાણીની ખુલ્લી નહેર ઉમરવાડા ગામ તરફથી અડોલ ગામ તરફ જતી ખુલ્લી નહેર
૧૯	અંક્લેશ્વર	રાજપારડી પોલીસ સ્ટેશન	ભાલોદ- નર્મદા ઘાટ
૨૦	અંક્લેશ્વર	રાજપારડી પોલીસ સ્ટેશન	વઢવાણા- નર્મદા ઘાટ
૨૧	અંક્લેશ્વર	રાજપારડી પોલીસ સ્ટેશન	કૃષ્ણપરી- નર્મદા ઘાટ
૨૨	ઝઘડીયા	નેત્રંગ પોલીસ સ્ટેશન	ઘાણીખુંટ ખાતે આવેલ રંમપંમ ધોધ
૨૩	ઝઘડીયા	નેત્રંગ પોલીસ સ્ટેશન	પીંગોટ ડેમ
૨૪	ઝઘડીયા	નેત્રંગ પોલીસ સ્ટેશન	બલદવા ડેમ
૨૫	ઝઘડીયા	ઉમલ્લા પોલીસ સ્ટેશન	અશા - નર્મદા ઘાટ
૨૬	ઝઘડીયા	ઉમલ્લા પોલીસ સ્ટેશન	પાણેથા - નર્મદા ઘાટ
૨૭	ઝઘડીયા	ઉમલ્લા પોલીસ સ્ટેશન	મોટાવાસણા-નર્મદા ઘાટ
૨૮	ઝઘડીયા	ઝઘડીયા પોલીસ સ્ટેશન	મઢીઘાટ
૨૯	ઝઘડીયા	ઝઘડીયા પોલીસ સ્ટેશન	ગોવાલી નર્મદા કિનારો
૩૦	ઝઘડીયા	ઝઘડીયા પોલીસ સ્ટેશન	લાડવા વડ
૩૧	ઝઘડીયા	ઝઘડીયા પોલીસ સ્ટેશન	દરીયા ગામે આવેલ દરીયા ડેમ
૩૨	જંબુસર	આમોદ પોલીસ સ્ટેશન	ઢાઢર નદી પુલ
૩૩	જંબુસર	વાગરા પોલીસ સ્ટેશન	વાગરા તળાવ
૩૪	જંબુસર	વાગરા પોલીસ સ્ટેશન	ગંધાર, અલાદર દરિયા
૩૫	જંબુસર	કાવી પોલીસ સ્ટેશન	કંબોઈ ગામે આવેલ સ્તંભેશ્વર મહાદેવ મંદિરનો દરીયાઈ પટ
૩૬	જંબુસર	વેડચ પોલીસ સ્ટેશન	સારોદ ભાઠા વિસ્તાર (દરીયા કિનારો) તા.જંબુસર જી.ભરૂચ
૩૭	જંબુસર	વેડચ પોલીસ સ્ટેશન	કારેલી ભાઠા વિસ્તાર (દરીયા કિનારો) તા.જંબુસર જી.ભરૂચ
૩૮	જંબુસર	જંબુસર પોલીસ સ્ટેશન	ઢાઢર નદી પુલ

૩૯	ભરૂચ	ભરૂચ શહેર "એ" ડીવી. પો.સ્ટે.	દશાશ્વમેઘ ઓવારા, નર્મદા નદી
૪૦	ભરૂચ	ભરૂચ શહેર "એ" ડીવી. પો.સ્ટે.	ભાગા કોટ ઓવારા, નર્મદા નદી
૪૧	ભરૂચ	ભરૂચ શહેર "એ" ડીવી. પો.સ્ટે.	નવગ્રહ મંદીર ઓવારા, નર્મદા નદી
૪૨	ભરૂચ	ભરૂચ શહેર "એ" ડીવી. પો.સ્ટે.	માતરીયા તળાવ
૪૩	ભરૂચ	ભરૂચ શહેર "એ" ડીવી. પો.સ્ટે.	રતન તળાવ
૪૪	ભરૂચ	ભરૂચ શહેર "એ" ડીવી. પો.સ્ટે.	નંદેલાવ ગામ તળાવ
૪૫	ભરૂચ	ભરૂચ શહેર "એ" ડીવી. પો.સ્ટે.	શેરપુરા ગામ તળાવ
૪૬	ભરૂચ	ભરૂચ શહેર "એ" ડીવી. પો.સ્ટે.	ઉમરાજ ગામ તળાવ
૪૭	ભરૂચ	ભરૂચ શહેર "એ" ડીવી. પો.સ્ટે.	રહાડપોર ગામ તળાવ
૪૮	ભરૂચ	ભરૂચ શહેર "બી" ડીવી. પો.સ્ટે.	બામણીયા ઓવારો નર્મદા નદી
૪૯	ભરૂચ	ભરૂચ શહેર "બી" ડીવી. પો.સ્ટે.	બહુચરાજી ઓવરો નર્મદા નદી
૫૦	ભરૂચ	ભરૂચ શહેર "બી" ડીવી. પો.સ્ટે.	કાલી તલાવડી, તળાવ
૫૧	ભરૂચ	ભરૂચ શહેર "સી" ડીવી. પો.સ્ટે.	નિલકંઠ મંદિર ઓવારા- નર્મદા નદી કીનારા ઓવારા ઉપર
૫૨	ભરૂચ	ભરૂચ શહેર "સી" ડીવી. પો.સ્ટે.	નર્મદા પાર્ક ઓવારા નદી કિનારા ઓવારા ઉપર
૫૩	ભરૂચ	ભરૂચ શહેર "સી" ડીવી. પો.સ્ટે.	ઝાડેશ્વર ગ્રામ પંચાયત પાસે સ્મશાન ઓવારા
૫૪	ભરૂચ	ભરૂચ શહેર "સી" ડીવી. પો.સ્ટે.	નિઝામવાડી ઓવારા નદી કિનારા ઓવારા ઉપર
૫૫	ભરૂચ	ભરૂચ શહેર "સી" ડીવી.પો.સ્ટે.	મકતમપુર ઓવારા - નર્મદા નદી કીનારા ઓવારા ઉપર
૫૬	ભરૂચ	ભરૂચ શહેર "સી" ડીવી. પો.સ્ટે.	જુના તવરા મંગલ નર્મદા નદી કીનારા ઓવારા ઉપર
૫૭	ભરૂચ	ભરૂચ શહેર "સી" ડીવી. પો.સ્ટે.	બોરભાઠા બેટ ઓવારા નર્મદા નદી કીનારા ઓવારા ઉપર
૫૮	ભરૂચ	ભરૂચ શહેર "સી" ડીવી. પો.સ્ટે.	ગોલ્ડન બ્રીજ ઓવારા-નર્મદા નદી કીનારા ઓવારા ઉપર
૫૯	ભરૂચ	ભરૂચ રૂરલ પો.સ્ટે.	ભાડભુત ગામ ઓવારા નર્મદા નદી કિનારા
૬૦	ભરૂચ	ભરૂચ રૂરલ પો.સ્ટે.	દશાન ગામ નર્મદા નદી ઓવારા
૬૧	ભરૂચ	ભરૂચ રૂરલ પો.સ્ટે.	કુકરવાડા ગામ નર્મદા નદી કિનારો
૬૨	ભરૂચ	નબીપુર પો.સ્ટે.	કબીરવડ બેટ નર્મદા નદી તથા મંગલેશ્વર નદી કિનારા
૬૩	ભરૂચ	દહેજ પોલીસ સ્ટેશન	સુવા ગામ ઓવારા (સ્મશાન પાસે)
૬૪	ભરૂચ	દહેજ પોલીસ સ્ટેશન	રહીયાદ ગામ નદી કિનારા
૬૫	ભરૂચ	દહેજ પોલીસ સ્ટેશન	વેંગણી ગામ નદી કિનારા
૬૬	ભરૂચ	દહેજ પોલીસ સ્ટેશન	કલાદરા ગામ નદી કિનારા
૬૭	ભરૂચ	દહેજ પોલીસ સ્ટેશન	અંભેટા ગામની હદથી લઈ લખીગામની હદ સુધીનો દરીયાઈ વિસ્તાર દહેજ મરીન પોલીસ સ્ટેશનની હદમાં આવતા તમામ ગામો

આજ રોજ (તા૦૭-૦૭-૨૦૨૫) ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ગૌરાંગ મકવાણા
જિલ્લા મેજીસ્ટ્રેટ
ભરૂચ

આમુખ:-

(૧) નિવાસી અધિક કલેક્ટરશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:એમ.એસ.સી./વશી/૨૦૨૫ થી ૨૦૩૩/૨૦૨૫, તા.૨૩/૦૪/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

પ્રસ્તાવના:-

ક્રમાંક:એમએજી/NEET પરીક્ષા/જાહેરનામુ/વશી/૨૦૯૭/૨૦૨૫.–નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આગામી તારીખ:૦૪/૦૫/૨૦૨૫ નાં રોજ NEET-૨૦૨૫ ની પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૪ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. પરીક્ષા કેન્દ્રોની આસપાસ મોટો અવાજે લાઉડ સ્પીકર વગાડવાનાં કારણે પરીક્ષાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવામાં ખલેલ પહોંચે તેમ છે. અભ્યાસ કરતાં વિધાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે તેમ છે અને વિધાર્થીઓનો અભ્યાસ બગડે તેમ છે તેમજ ધ્વનિ પ્રદૂષણ પણ થાય છે. જેથી તા.૦૪/૦૫/૨૦૨૫ નાં રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી સાંજનાં ૦૮:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ મુકવા અંગે નિવાસી અધિક કલેકટરશ્રી, ભરૂચે આમુખ-૧ થી રજૂઆત કરેલ છે.

સબબ આમુખ-૧ નાં પત્ર સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ:-

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરી નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આગામી તારીખ:૦૪/૦૫/૨૦૨૫ નાં રોજ NEET-૨૦૨૫ની પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૪ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૦૪/૦૫/૨૦૨૫ નાં સવારનાં ૦૮:૦૦ કલાકથી સાંજનાં ૦૮:૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં કોઈએ પણ બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ ફરમાવવું છું.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) નિવાસી અધિક કલેક્ટરશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:એમ.એસ.સી./વશી/૨૦૨૫ થી ૨૦૩૩/૨૦૨૫, તા.૨૩/૦૪/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:એમએજી/NEET પરીક્ષા/જાહેરનામુ/વશી/૨૦૯૮/૨૦૨૫.–નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આગામી તારીખ:૦૪/૦૫/૨૦૨૫ નાં રોજ NEET-૨૦૨૫ ની પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૪ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુક્શાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોનાં ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર ઉપરોક્ત જણાવેલ પરીક્ષાની તારીખ દરમ્યાન પરીક્ષા કેન્દ્રની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવા અંગે નિવાસી અધિક કલેક્ટરશ્રી, ભરૂચે આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

સબબ આમુખ-૧ નાં પત્ર સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આગામી તારીખ:૦૪/૦૫/૨૦૨૫ નાં રોજ NEET-૨૦૨૫ ની પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૪ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૦૪/૦૫/૨૦૨૫ નાં સવારનાં ૦૮:૦૦ કલાકથી સાંજનાં

૦૮:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત કરેલ અધિકૃત વ્યક્તિઓ સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરુ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરનાં અધિકારીશ્રી/ કર્મચારીશ્રી

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને.

(૩) ફરજ પરનાં પોલીસ કર્મચારીઓ તથા ગૃહ રક્ષક દળની વ્યક્તિઓને.

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તમામ ટૂકડીઓને.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) નિવાસી અધિક કલેક્ટરશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:એમ.એસ.સી./વશી/૨૦૨૫ થી ૨૦૩૩/૨૦૨૫, તા.૨૩/૦૪/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

પ્રસ્તાવના:-

ક્રમાંક:એમએજી/NEET પરીક્ષા/જાહેરનામુ/વશી/૨૦૯૯/૨૦૨૫.–નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આગામી તારીખ:૦૪/૦૫/૨૦૨૫ નાં રોજ NEET-૨૦૨૫ ની પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૪ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. પરીક્ષા કેન્દ્રોની નજીક આવેલાં ઝેરોક્ષ સેન્ટરોનાં કારણે વિધાર્થીઓ કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોનો ઉપયોગ કરે, કરાવે અને તેના પરિણામે પરીક્ષામાં ગેરરીતિઓ થવાનો સંભવ રહે છે. જેથી પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની હદ વિસ્તારમાં આવેલાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ઉપરોકત જણાવેલ પરીક્ષાની તારીખ દરમ્યાન સવારના ૦૮:૦૦ કલાકથી સાંજનાં ૦૮:૦૦ કલાક સુધી બંધ રાખવા નિવાસી અધિક કલેકટરશ્રી ભરૂચે આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

સબબ આમુખ-૧ નાં પત્ર સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં આવેલાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ:-

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આગામી તારીખ :૦૪/૦૫/૨૦૨૫ નાં રોજ NEET-૨૦૨૫ ની પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૪ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૦૪/૦૫/૨૦૨૫ નાં સવારનાં ૦૮:૦૦ કલાકથી સાંજનાં ૦૮:૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા આદેશ ફરમાવવુ છું.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અખબારી યાદી

ક્રમાંક:એમએજી/પરીક્ષા/વશી/૨૧૦૦/૨૦૨૫.–નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આગામી તારીખ:૦૪/૦૫/૨૦૨૫ નાં રોજ NEET-૨૦૨૫ ની પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૪ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય અને પરીક્ષાર્થીઓ અસામાજિક તત્વોનાં ત્રાસ, ભય વિના પરીક્ષા આપી શકે તે માટે સુલેહ શાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડ થતો અટકાવી શકાય તે હેતુસર તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થીઓ તેમજ નિયુક્ત અધિકૃત વ્યકિતઓ સિવાયની કોઈપણ વ્યકિત કે વ્યકિતઓનાં સમૂહમાં પ્રવેશ ઉપર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે અને પરીક્ષા દરમ્યાન તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦મીટરની હદમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

વધુમાં, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) આર (૩) મુજબ તા.૦૪-૦૫-૨૦૨૫ ના રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી સાંજના ૦૮:૦૦ કલાક સુધી મનસ્વી રીતે લાઉડ સ્પીકર, વાજીત્રો તથા ડી.જે.સીસ્ટમ બેફામ રીતે મોટા અવાજે વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

આજ રોજ તા.૩૦/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વાંચ્યો:-

૧) કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ રાજ્ય, ભરૂચનાં જા.નં.પીબી/૨/અંકલેશ્વર/ભાદી-ખરોડ/૧૭૭૫/૨૦૨૫, તા.૧૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર નંબર એલ.આઈ.બી/અભિપ્રાય/૧૬૬૧/૨૦૨૫ તા.૧૯/૫/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનું.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૨૫૭૯/૨૦૨૫–કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ રાજ્ય, ભરૂચે આમુખ-૧ થી અંકલેશ્વર તાલુકાનાં ભાદી-ખરોડ રસ્તા પર આવેલ જુના જર્જરીત નાળાને નુકશાન થતાં વાહનોની અવર-જવર પર દિન-૧૫ માટે પ્રતિબંધ મુકવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે રજુઆત કરેલ હતી. આમુખ-૨ સદરહું બાબેત નીચે જણાવ્યા મુજબનાં રૂટ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૧) ભાદી ગામથી ખરોડ ગામ જવા માટે ભાદી ગામથી બાકરોલ ગામ થઈ ખરોડ ગામ તરફ તેમજ NH-૪૮ તરફ વાહન વ્યવહાર આવી શકશે.

(૨) ખરોડ ગામથી ભાદી ગામ તરફ જવા બાકરોલ ગામ થઈ ભાદી ગામ તરફ વાહન વ્યવહાર આવી શકશે અને ભાદી-ખરોડ ગામનાં રસ્તા પર ચેઈનેજ કિ.મી. ૭/૭૦૦ થી ૭/૯૦૦ વચ્ચે આવેલ તેમજ તમામ વાહનોની અવર-જવર જુના જર્જરીત નાળાનાં કામ અર્થે બંધ કરવામાં આવેલ અને તે વાહનોને ભાદી ગામથી ખરોડ ગામ જવા માટે ભાદી ગામથી બાકરોલ ગામ થઈ ખરોડ ગામ તરફ તેમજ NH-૪૮ તરફ વાહન વ્યવહાર ચાલુ છે તેમજ ખરોડ ગામથી ભાદી ગામ તરફ જવા બાકરોલ ગામ થઈ અને ભાદી ગામ તરફથી વાહનોને ખરોડ નેશનલ હાઈ-વે તરફ જવાશે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ આદેશ કરું હું કે, હુકમની તારીખથી અંકલેશ્વર તાલુકાનાં ભાદી-ખરોડ રસ્તા પર આવેલ જુના જર્જરીત નાળાને નુકશાન થતાં વાહનોની અવર-જવર પર દિન-૧૫ માટે પ્રતિબંધ મુકવા માટે વાહન વ્યવહાર રોડ બ્લોક આપવા બાબતે ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે રૂટ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૯/૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (એફ) અન્વયે.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૦૫/૨૦૨૫.–ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. ભારતનાં ચૂંટણીપંચ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક:૩/૯/(ઈ.એસ)૦૦૮/૯૪/ જે.એસ.૨/૫૧૫૨, તા.૦૨/૦૯/૧૯૯૪ થી આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી ચૂંટણીને લગતા ચોપાનીયાં, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ

અને પ્રકાશનો લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૨૭(ક) ની જોગવાઈઓ લાગુ પડે છે. જેથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ પર નિયંત્રણ રાખવુ આવશ્યક છે.

ચૂંટણી દરમ્યાન રાજકીયપક્ષોનાં ઉમેદવારો તરફથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો, વિગેરે છપાવવામાં આવે છે. આ ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે પર મુદ્રક અને પ્રકાશકનું નામ અને સરનામુ છપાવવાની ખાસ આવશ્યકતા હોય નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) કોઈપણ વ્યકિત જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો હેન્ડબીલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહિ અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહિ.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહિ કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહિ સિવાય કે,

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતો હોય તેવી વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય,

(ખ) ઉમેદવારો તરફથી પ્રચાર માટે હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર, ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે સાહિત્ય છાપવામાં આવે ત્યારે જે-તે પ્રેસનાં માલિક કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ મુદ્રકનું નામ-સરનામુ તથા છાપેલા સાહિત્યની સંખ્યા લખવાની રહેશે.

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૨૭(ક) હેઠળ આવું સાહિત્ય છાપનાર તેની ૪ (ચાર) નકલ સબંધિત ચૂંટણી અધિકારીને મોકલી આપવાની રહેશે. તેમજ નિયત જોડાણમાં તે અંગેની લેખિતમાં જાહેરાત કરવાની રહેશે. આ સૂચનાનો તમામ પ્રિન્ટીંગ પ્રેસનાં માલિકો-મુદ્રકોએ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ હુકમનો અમલ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં એટલે કે તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી રહેશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૦૯/૨૦૨૫.—ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. ગુજરાત રાજય ચૂંટણીપંચ, ગાંધીનગરના તા.૦૬/૦૧/૨૦૨૦ ના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સી.આર.સી- સ્થા.સ્વ-૧૩૮(૨)-૧૨૨૦૦૯-ક થી હથિયાર ધારણ કરવા અંગે જરૂરી સુચના બહાર પાડેલ છે. ભારતનાં નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ હથિયારો અંગે પ્રતિબંધ મુકવા આદેશ ક્રમાંક:૪૬૪ કાયદો અને વ્યવસ્થા/ ઈએસઓ/ ૨૧/૯૪, તા.૨૧/૦૯/૧૯૯૪ થી જરૂરી આદેશ બહાર પાડેલ છે.

સબબ, મુકત અને ન્યાયી ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારમાં તમામ હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે હરવા-ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યકિતને શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહિ. ભરૂચ જિલ્લામાં બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનારા વ્યકિતઓ કે જેઓ હાલમાં ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારમાં વસવાટ કરતા હોય તે તમામે આ જાહેરનામુ બહાર પાડયાની તારીખ થી દિન-૭ માં પોતાનું હથિયાર પોતાના રહેણાકનાં નજીકનાં પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા તથા હથિયાર ધારણ કરી ફરવું નહિ.

વધુમાં, જે કિસ્સાઓમાં હથિયાર પરવાનેદારોને હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે પરમીટો આપવામાં આવેલ હશે, તો તે પણ ઉપરોકત સમય દરમ્યાન રદ કરવામાં આવે છે.

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથિયારો શસ્ત્ર નિયમો-૨૦૧૬ ના નિયમ-૪૭ અને ૪૮ હેઠળ સબંધિત પોલીસ સ્ટેશનમાં સલામત અને સુરક્ષિત રીતે રાખવાના રહેશે અને જમા લીધેલ હથિયારની પહોંચ આપવાની રહેશે તથા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સંબંધિત પરવાનેદારને તેનું હથિયાર પરત સોંપવાનું રહેશે.

(૨) રાષ્ટ્રીયકૃત બેંકો કે જેઓનાં બેંકની કેશ-કરન્સી હેરફેર માટે તેની ફરજના ભાગરૂપે બેંકના પરવાના વાળું હથિયાર રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેઓને હથિયાર જમા કરાવવાનું રહેશે નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું તે કાયદાકીય ફરજનો ભાગ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિક્ષક આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

(૩) ફરજ પરના તમામ સુરક્ષા કર્મચારીઓ (આર્મી, સી.આર.પી.એફ, સી.પી.એફ, બી.એસ.એફ વિગેરે)

(૪) ચૂંટણીપંચે નિમેલા નિરિક્ષકો.

(૫) નીચે દર્શાવ્યા મુજબનાં વ્યક્તિઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળનાં પરવાનેદારોનાં સંદર્ભમાં વ્યકિતગત સમીક્ષા કરીને તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા લેવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,ભરૂચને અધિકૃત કરવામાં આવે છે.

(અ) જામીન ઉપર છોડેલી વ્યકિતઓ.

(બ) ફોજદારી ગુનાઓ કર્યાની ભૂમિકા વાળી વ્યક્તિઓ.

(ક) હુલ્લડનાં ગુનામાં ખાસ કરીને ચૂંટણી સમય દરમ્યાન સંડોવાયેલ વ્યકિતઓ.

(ડ) ગંભીર ગુનામાં સંડોવાયેલ વ્યકિતઓ.

(ઈ) ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ થાય તેવા ઈસમ.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ પગલાં લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ હોય અને ચૂંટણીનો સમયબદ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય ઉપર પારામાં જણાવેલ હુકમ હું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર કરૂ છું .

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર)(૩) અન્વયે.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૦/૨૦૨૫.—ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. ભારતના ચૂંટણી પંચ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક:૩/૮/૯૪/જે.એસ.૨, તારીખ-૧૩/૦૧/૧૯૯૪ નાં પારાનં.૩૩ અને ૩૫ માં આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરનાં ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે તથા આ કામે નામ.સુપ્રિમકોર્ટ તરફથી પણ લાઉડ સ્પીકર વિગેરેનાં ઉપયોગથી થતાં અવાજ પ્રદૂષણ અંગે આદેશો બહાર પાડેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીયપક્ષો, ઉમેદવારો અને તેમનાં કાર્યકર્તાઓ, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટાપાયે કરે છે જેના કારણે ખૂબ ધ્વનિ પ્રદૂષણ થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે છે કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકર વગાડવાનું શરૂ થઈ જાય છે અને તે ખૂબજ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. જેના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો, અશકત અને બીમાર વ્યકિતઓને પણ ઉચા અવાજથી ખૂબજ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખૂબજ હરકત, અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચને મુંબઈ પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(આર)(૩)થી અમોને મળેલ સત્તાની રૂએ ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબ હુકમ કરૂ છું કે,

(૧) ચૂંટણી પ્રચારનાં કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કરી શકાશે નહિ.

(૨) કોઈ જાહેરસભા કે સરઘસનાં હેતુસર ઉપરોકત તમામ વિસ્તારમાં સવારે ૦૮:૦૦ વાગ્યા પછી કે ૨૨:૦૦ કલાક પહેલા સ્થળ પર રખાયેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયતમાત્રા મુજબ જ કરવાનો હોય તો તેને સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી લેખિતમાં પરવાનગી મેળવવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ જાતે ખાત્રી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહિ તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરનાં ઉપયોગની પરવાનગી માટે કલાકો નકકી કરવાના રહેશે. આવી પરવાનગી માટે ૪૮ કલાક પહેલા અરજી કરવાની રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર લાઉડ સ્પીકરનાં ઉપયોગ માટે સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે.

(૪) ઉમેદવારે કે કાર્યકરે ઉપરોકત જણાવ્યા મુજબની પરવાનગી મેળવી તેની જાણ ચૂંટણી અધિકારીશ્રી અને સ્થાનિક પોલીસ અધિકારીશ્રીને કરવાની રહેશે.

(૫) લેખિત પરવાનગી વગર જે વાહનોમાં લાઉડ-સ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે વાહન, ઉપયોગમાં લેવાયેલ લાઉડ-સ્પીકર અને તમામ ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

(૬) આ જાહેરનામુ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

ભારતના ચૂંટણીપંચ તરફથી બહાર પાડવામાં આવેલ આદર્શ, આચાર સંહિતાના ભાગરૂપે અમલવારી કરવા અંગેનું.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૨/૨૦૨૫.—ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતાં ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું, આચાર સંહિતામાં સરકારી આરામ ગૃહો તથા વિશ્રામ ગૃહોનો ચૂંટણીનાં કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) આથી ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારનાં તમામ સરકારી/અર્ધ સરકારી આરામગૃહો, વિશ્રામ ગૃહો, ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહો કે સ્થળોનું રાજકીય પક્ષોનાં હોદેદારો, કાર્યકરો,ચૂંટણી લડતાં ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારનાં હેતુસર ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.રાજકીય પક્ષોનાં સભ્યોની પ્રાસંગિક મીટીંગને પણ મંજુરી આપી શકાશે નહીં.

(૨) ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ, અતિથિગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લઈ જતાં વાહનોને જ સરકારી વિશ્રામ ગૃહ, અતિથિગૃહ વગેરેનાં કમ્પાઉન્ડમાં રાખવાની પરવાનગી આપી શકાશે. જો તેઓ એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતાં હોય તો તેઓ બે (૨) થી વધુ વાહનોને સરકારી વિશ્રામ ગૃહ, અતિથિગૃહ વગેરેનાં કમ્પાઉન્ડમાં રાખી શકશે નહીં.

(૩) કોઈ એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં. તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતાં કોઈપણ મહાનુભાવોને મતદાન પુરુ થવાના ૪૮ કલાક પહેલાં સરકારી વિશ્રામ ગૃહ, અતિથિગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં. અતિથિ ગૃહમાં રહેવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હશે તો તેઓની પાસેથી નકકી કરેલ સામાન્ય દરોએ પૂરેપુરી વસુલાત લેવાની રહેશે.

આ જાહેરનામાનો આ અમલ હુકમની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે તથા આ હુકમની અમલવારી કરવા ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારનાં ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૪/૨૦૨૫.–ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. ભારતનાં નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાક: ૪૬૪/ એલ.અને.ઓ/ ઈએસ/૦૨૧/૯૪, તારીખ-૨૧/૦૯/૧૯૯૪ નાં પેરા-૪.૧માં આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી (૧૦) દશ થી વધુ વાહનોનાં કાફલામાં મોટરકાર અને અન્ય વાહનોની અવર-જવર કરવા દેવામાં આવશે નહિ.

ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ દરમ્યાન ઉપરોકત જણાવેલ બેઠકોમાં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીયપક્ષોનાં ઉમેદવારો તથા લોકોનાં વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે અને ટ્રાફીકને અડચણ ઉભી થઈ શકે છે. વધુમાં, ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતાં હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતા સર્વ પ્રકારનાં વાહનો ગાડીઓ, સવાર થઈને જનાર, ગાડીમાં જનારા, સાયકલ ઉપર જનારા અથવા ચાલતાં જનારાઓને અગવડ ઉભી થવાની સંભાવના રહેલ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) થી અમોને મળેલ સત્તાની રૂ એ ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબ હુકમ કરૂ છું કે,

(૧) ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં સમાવિષ્ટ જાહેર રસ્તાઓ પર (૧૦) દશથી વધુ વાહનોનાં કાફલામાં મોટરકાર કે અન્ય વાહનો ઉપર અવર-જવર કરવા દેવામાં આવશે નહિ.

આ હુકમ નીચેના વાહના ધારકોને લાગુ પડશે નહિ.

(૧) મેજીસ્ટ્રેટ અને પોલીસનાં વાહનોને.

(૨) ચૂંટણી કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીનાં કામે સંપાદન કરેલ વાહનો.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ ચુંટણીની પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી એટલે કે તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૫/૨૦૨૫.–ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ને લક્ષમાં લઈ ભરૂચ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે. તે માટે ભરૂચ જિલ્લામાં કોઈપણ પ્રકારના કાયદાનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા

જળવાઈ રહે તે માટે અને ચૂંટણી આચારસંહિતાની જોગવાઈઓનાં અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂરિયાત જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ અમોને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં આ હુકમની તારીખ થી તારીખ-૨૭/૦૬/૨૦૨૫ નાં કલાક ૨૪:૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો:-

(૧) જે છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ, અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા કરવાની અને તેના ચિન્હો-નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો.

-: વિસ્તાર :-

ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૬/૨૦૨૫.—ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક:૪૬૪/ તાત્કાલીક/ ૨૦૦૭/પીએલએન/૧, તારીખ-૦૭/૦૧/૨૦૦૭ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચાર સંહિતા નો અમલ કરવા આપેલ સુચનાઓ મુજબ ધાર્મિક સ્થળનો ચૂંટણી પ્રચારનાં ઉપયોગ પર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી જાહેર જીવનને સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. ચૂંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીતંત્ર પ્રયત્નશીલ છે. જેથી ધાર્મિક સ્થળોનો ચૂંટણીલક્ષી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે માટે નિયંત્રણો મુકવા જરુરી છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) ભરૂચ જિલ્લાનાં સમગ્ર વિસ્તારોમાં આવેલ કોઈપણ મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા અથવા કોઈપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચૂંટણીલક્ષી ભાષણો કે ચૂંટણીનાં કોઈ પણ પ્રકારનાં હેતુ માટે આ હુકમની તારીખ થી તારીખ-૨૭/૦૬/૨૦૨૫ નાં સમયગાળા સુધી ઉપયોગ કરી શકાશે નહી.

આ હુકમનો ભંગ કરનાર/ ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કરેલો.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૭/૨૦૨૫.—ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-

સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાક:૩/૧૦/ઈએસ/૦૭૭/ ૯૪/ જે.એચ.-૨/૫૨૧૬ તા:૦૨/૦૯/૧૯૯૪ તેમજ ગુજરાત રાજયનાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી/૧૦૯૮/૭૬(૨)/છ. તારીખ-૨૮/૦૧/૧૯૯૮ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત, પાટીયા, બેનર, વિગેરે મુકવા ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાય છે.

ચૂંટણી દરમ્યાન રાજકીયપક્ષોનાં ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચારરસ્તા, શેરીઓ, નાકા, જાહેર માર્ગ, માલિકીનાં મકાનો, વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો બેનર રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા કરવા તથા પ્રદર્શિત કરવામાં આવશે. તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાનાં મકાનો તથા વિજળી અને ટેલીફોનનાં થાંભલા જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા બેનર્સ, ભીંતસુત્રો, ધજા, પતાકા, ભીંતચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મૂકે છે. જેને લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઉભી થવાની સંભાવના રહેલ છે. તેમજ રાહદારીઓની અસલામતી વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવાની સંભાવના રહેલ છે જેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ની પ્રક્રિયા દરમ્યાન ઉપરોકત જણાવેલ બેઠકોમાં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં વિશાળ કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ મુકવા માટે નીચે મુજબ હુકમ કરૂ છું.

(અ) રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ નિગમો, પંચાયતની માલીકીના રસ્તાઓ, માર્ગ-મકાનો અથવા અન્ય કોઈ જાહેર જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીયપક્ષો દ્વારા, ઉમેદવાર અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન, અથવા વ્યકિત દ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારનાં કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા પટાકા, બેનર્સ મુકી શકાશે નહિં કે દિવાલો પર ચિત્રો દોરાવી શકશે નહિ કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહિ. (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ મૂકી શકાશે નહિ.)

(બ) સમાચાર બોર્ડ અથવા કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ, ખાનગી માલિકીની જગ્યામાં મુકવા માંગતા હોય તો ચૂંટણીના ઉમેદવાર માટેના કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિતએ નીચેની શરતોનું પાલન કરવાની શરતે મુકી શકશે કે ઉભા કરી શકશે.

(૧) ખાનગી મિલ્કતોમા હોર્ડિંગ્સ, કટ આઉટ વિગેરે મુકવા માટે ગુજરાત પંચાયત અધિનીયમ-૧૯૬૧ તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ અનુસાર સંબંધિત સત્તાધિકારીની પરવાનગીની જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલી હોવી જોઈએ.

(૨) કટઆઉટની ઉંચાઈ ૮ ફૂટથી વધવી જોઈએ નહિ.

(૩) જે તે રાજકીયપક્ષો/ઉમેદવારો ખાનગી જગ્યામાં કટઆઉટ જાહેરાત, પાટીયા બેનર્સ મુકવા હશે તે જગ્યાના માલિકીની લેખિત મંજુરી લીધેલી હોવી જોઈશે. આ મંજુરી કોઈપણ અધિકારીશ્રી /પોલીસ જયારે માંગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૪) કટઆઉટ, જાહેરાત, ભીંતસુત્રો, પાટીયા બેનર્સ વિગેરે કોઈક સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) હોર્ડિંગ્સની સાઈઝ ૧૫ ફૂટ×૮ ફૂટથી વધારે હોવી જોઈશે નહિ.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ ચુંટણીની પ્રક્રિયા પૂર્ણ થતા સુધી એટલે કે તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૮/૨૦૨૫.—ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત ભરૂચ જિલ્લામાં તા.૦૨/૦૬/૨૦૨૫ થી તા.૧૧/૦૬/૨૦૨૫ દરમ્યાન ઉમેદવારી પત્રો ભરવા/ પરત ખેંચવાનો કાર્યક્રમ નકકી થયેલ છે.

ગુજરાત રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી બહાર પાડવામાં આવેલ સૂચના મુજબ ઉમેદવારી પત્રો ભરવા/પરત ખેંચવાનાં સમયે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીની ૧૦૦ મીટરનાં વિસ્તારમાં ઉમેદવારી પત્ર રજુ કરવા/પરત ખેંચવા આવતાં ઉમેદવાર સાથે વધુમાં વધુ ૨ (બે) વ્યકિતઓ તથા વધુમાં વધુ ૨ (બે) વાહનોને પ્રવેશ કરવા સૂચના આપવામાં આવેલ છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂ એ આથી ફરમાવું છું કે,

૧) તા.૦૨/૦૬/૨૦૨૫ થી તા.૧૧/૦૬/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી ચૂંટણી અધિકારીશ્રીની કચેરીની ૧૦૦ મીટરનાં વિસ્તારમાં ઉમેદવારી પત્ર રજુ કરવા/પરત ખેંચવા આવતાં ઉમેદવાર સાથે વધુમાં વધુ ૨ (બે) વ્યકિતઓ તથા વધુમાં વધુ ૨ (બે) વાહનો પ્રવેશ કરી શકશે.

૨) ઉમેદવારી પત્રો રજુ કરવા/પરત ખેંચવા માટે ફકત ઉમેદવાર/દરખાસ્ત કરનાર/ચૂંટણી એજન્ટ અને તેની સાથેનાં અન્ય બે વ્યકિતને ચૂંટણી અધિકારીશ્રીનાં રૂમમાં પ્રવેશ માટે મંજુરી આપવામાં આવશે. અન્ય ઉમેદવારો અને તેમની સાથે આવતાં લોકો માટે પ્રતિક્ષા સમય દરમ્યાન રૂમની બહાર બેસવાની વ્યવસ્થા એવી રીતે કરવાની રહેશે.

વધુમાં હું આદેશ કરું છુ કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી / કર્મચારી તથા હોમગાર્ડને.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૧૧/૨૦૨૫.–ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ચૂંટણીપ્રચાર અભિયાનરૂપે રાજકીય/બિનરાજકીય પક્ષનાં ઉમેદવાર-કાર્યકરો તરફથી ચૂંટણી પ્રચાર કરવામાં આવતો હોય છે. તે દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતાં વાહનો ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારનાં પ્રચાર માટે વપરાતાં વાહનોનાં ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે જરૂરી છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) કોઈપણ રાજકીય/બિનરાજકીય પક્ષો તેમના ઉમેદવારો કે તેની સહમતીથી બીજા કોઈ વ્યકિત દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો ચૂંટણી ઉમેદવારે તેમના ચૂંટણી અધિકારીશ્રી પાસે રજીસ્ટર કરાયેલ વાહન માટે અરજી કરી પરમીટ મેળવી લેવાની રહેશે અને અસલ પરમીટ જ વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડ સ્કીન પર ચોટાંડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરમીટની ફોટોકોપી ચાલશે નહીં. ઉપરાંત પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈ પણ વાહનનો ચૂંટણી પ્રચાર માટે ઉપાયોગ કરી શકાશે નહીં.આ નિયંત્રણ યાંત્રિક શકિતથી કે અન્ય રીતે ચાલતાં તમામ વાહનોને લાગુ પડશે.

(૨) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે તથા આ હુકમની અમલવારી કરવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની કાર્યવાહી કરવા ભરૂચ જિલ્લામાં સામાન્ય/ પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં આચાર સંહિતા નોડલ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો

હુકમ

ગુજરાત નશાબંધી અધિનિયમ - ૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) હેઠળ.

ક્રમાંક:એમએજી/ગ્રા.પં.ચૂંટણી-૨૦૨૫/વશી/૨૭૨૩/૨૦૨૫.–ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતના નિર્વાચન આયોગનાં તારીખ-૧૧/૦૩/૧૯૯૬ નાં હુકમ ક્રમાંક:૫૭૬/૧૪/૯૬/ પી.એસ.-૧ થી ચૂંટણીપંચે દારૂ અને નશાયુકત પદાર્થોનાં વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા જણાવેલ છે.

ગુજરાતમાં હાલ સંપૂર્ણપણે દારૂબંધી પ્રવર્તે છે. સબબ, ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોની ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી જળવાઈ રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર જિલ્લામાં આવેલ તમામ પ્રોહિબિશનનો પરવાનો ધારણ કરતી હોટલ તથા વિકેતાઓ પર દારૂ વેચવાનો પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

હુકમ:-

વાસ્તે હું એન.આર.ધાધલ, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૧૪૨(૧)થી અમોને મળેલ સત્તાની રૂ એ હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લામાં પ્રોહિબિશનનો પરવાનો ધારણ કરતી હોટલ તથા વિકેતાઓએ,

(૧) મતદાનનાં દિવસનાં આગલા દિવસ એટલે કે તારીખ-૨૧/૦૬/૨૦૨૫

(૨) મતદાનના દિવસ તારીખ- ૨૨/૦૬/૨૦૨૫

(૩) મતગણતરીનાં દિવસનો અગાઉનો દિવસ તારીખ-૨૪/૦૬/૨૦૨૫

(૪) મતગણતરીના દિવસે તારીખ-૨૫/૦૬/૨૦૨૫

(૫) મતગણતરીનાં દિવસ પછીનો દિવસ તારીખ-૨૬/૦૬/૨૦૨૫ નાં દિવસોએ કોઈપણ પાસ- પરમીટ ધરાવતા કે અન્ય ઈસમોને દારૂ પીરસવો નહિ, તેમજ દારૂનું વેચાણ કરવું નહિ.

આ હુકમનાં ઉલ્લંઘન અન્વયે ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ- ૨૮/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૭૮૯/૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/મ.મા.-ભાડુઆત/વશી/૨૭૨૬/૨૦૨૫–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટ ભુતકાળમાં બનેલ બનાવો તેમજ વર્તમાનમાં બનતાં બનાવો/ઘટનાઓ ધ્યાને લેતાં સમાજમાં જે ભયનો માહોલ, જાનહાની માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડવાની ઘટનાઓ બનતી જાય છે.

આતંકવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ સ્ત્રી/પુરૂષ એ જે તે વિસ્તારમાં સ્લિપર સેલ તરીકે કામ કરતા હોય છે તેઓ પોતાનો ઈરાદો પાર પાડવા માટે ઘરઘાટી, કામવાળી તરીકે કામ કરવાની નોકરી મેળવતા હોય છે. ઘરઘાટી, કામવાળી મહિલાઓ જ્યાં નોકરી કરતા હોય ત્યાં મકાન માલીકની તમામ માહિતી વાકેફ હોય તેઓ બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, સાયબર ક્રાઈમને લગતા ગુના, ખંડણી માંગવાની, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી મોહિતી આપવાના કિસ્સાઓ, અપહરણ તથા ધરફોડ ચોરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે જેવા ગુનાઓ આચરતાં હોય છે તેઓ સદર માલિકની અંગત માહિતી આપી અન્ય વ્યક્તિ પાસે ગુનાઓ કરાવતાં પણ હોય છે. ઘરઘાટી, કામવાળી મહિલાઓ આતંકવાદી સંસ્થાઓને અગત્યની માહિતી ભેગી કરી પહોંચાડવાનું કામ કરતાં હોય છે.

મકાન માલીક ઘરઘાટી કામવાળી મહિલાઓની જાણ પોલીસ વિભાગને ન કરતાં હોય કોગ્નીઝેબલ તેમજ મિલકત સંબંધી વિગેરે ગુનાઓ બને તેના મૂળ સુધી પહોંચતા આવા વ્યક્તિને જાણ થી હોય છે, પરંતુ મકાન માલીક પાસે ઘરઘાટી, કામવાળી મહિલાઓની વિગતો/માહિતી ન હોવાના કારણે ચોકકસ આરોપી પકડી શકાતો નથી.

ઉક્ત બાબતોને ધ્યાને રાખી તમામ અસામાજીક પ્રવૃતિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે માટે જાહેરનામું પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લામાં તમામ મકાન માલીકો પોતાને ત્યાં ઘરઘાટી અને કામવાળી મહિલાને કોના મારફતે કામે રાખેલ તે વ્યકિતનું માન્ય ઓળખપત્ર, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ ઘરઘાટી અને કામવાળી મહિલાઓના નામ સરનામાની આ સાથે સામેલ ફોર્મ મુજબની માહિતી મકાન માલિકે પોતાની પાસે રાખવાની રહેશે તેમજ નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૭૯૦/૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/મોબાઈલ-સીમ/વશી/૨૭૨૭/૨૦૨૫–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ ભૂતકાળમાં ગુજરાતમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા અમુક બનાવોથી જણાયેલ છે કે ત્રાસવાદીઓ / અસામાજીક તત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતિનો ભંગ કરે છે. તેમજ જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકશાન પહોંચાડી ગુન્હાઓ કરી નાસી છુટતા હોય છે. આમ આ તમામ ગુનાહિત કામગીરીમાં ગુન્હેગારો એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો સતત ઉપયોગ કરતા હોવાનું તેમજ મોબાઈલ ફોન/સીમકાર્ડનો ઉપયોગ કરી ગુન્હાઓ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે.

આમ આવા ગંભીર પ્રકારના ગુન્હા શોધી કાઢવા તથા અટકાવવા ગુન્હામાં વપરાયેલ મોબાઈલ ફોનના IMEI No. નું ટ્રેકીંગ કરી ગુન્હાના મૂળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. આવા ઘણા કિસ્સાઓમાં મોબાઈલ ફોન/સીમકાર્ડના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળેલ છે કે આ મોબાઈલ ફોન કોઈ અજાણ્યા વ્યકિત પાસેથી ખરીદેલ છે. આ મોબાઈલ ફોન વાપરનારને મોબાઈલ ફોન અગાઉ ગુન્હામાં વપરાયેલ કે ચોરાયેલ હોવાની માહિતી હોતી નથી. આમ આ પ્રકારની તપાસમાં આવતાં વિઘ્નોના કારણે જ્યારે જુના મોબાઈલ ફોન/સીમ કાર્ડ લેતાં કે વેચતા વખતે મોબાઈલ ફોન/સીમકાર્ડ વેચનાર તથા મોબાઈલ ફોન/ સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામુ, તથા તેની ઓળખ અંગેની હકીકત નોંધણી થાય તે સલામતીની દૃષ્ટિએ અત્યંત આવશ્યક છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં જુના મોબાઈલ ફોન/સીમકાર્ડ લે વેચ કરનાર વેપારીએ મોબાઈલ ફોન સીમકાર્ડ લે-વેચ કરતા પહેલાં નીચે જણાવ્યા મુજબના કોલમ સહિતના અલગ અલગ રજીસ્ટર નિભાવવાના રહેશે. તેમજ રજીસ્ટરનો ડેટા ઓછામાં ઓછા એક વર્ષ સુધી વ્યવસ્થિત સાચવી રાખવાનો રહેશે અને આ રજીસ્ટર ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/ કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત	સીમ કાર્ડ ખરીદનારની સહિ
૧	૨	૩	૪	૫	૬

નવા/જુના મોબાઈલ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/ કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ, સરનામાંની વિગત	ID પ્રૂફની વિગત	સીમ કાર્ડ ખરીદનારની સહિ
૧	૨	૩	૪	૫	૬

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડ No.	સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રૂફની વિગત	સીમ કાર્ડ ખરીદનારની સહિ
૧	૨	૩	૪	૫	૬

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/નદી-બેટ/વશી/૨૭૨૮/૨૦૨૫–ભારત દેશમાં કેટલાક સ્થળે આતંકવાદ અને ત્રાસવાદી કૃત્યો બનાવો બનવા પામેલ છે.ભરૂચ જીલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભરૂચ જીલ્લા કક્ષાએ જીલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીનાં પગલા રૂપે ધનિષ્ટ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાંઓ લેવાઈ રહેલ છે. ત્રાસવાદીઓ દરિયાઈ માર્ગે આવી નર્મદા નદીમાં ઉપસી આવેલા ટાપુઓ તેમજ આલીયાબેટ ઉપર આવી રોકાણ કરે તેવી પુરતી શકયતા છે. અને તેઓ રાષ્ટ્ર વિરોધી તેમજ દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજીક પ્રવૃતિઓ કરતાં ઈસમો ને મળી નિર્જન ટાપુઓ ઉપર આશ્રય મેળવી હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે તેવી શકયતાઓ નકારી શકાય નહીં. ત્રાસવાદી જુથો/સંગઠનો ધ્વારા દેશના મહત્વના ચાવીરૂપ સંસ્થાનો તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો, ભીડભાડવાળા સ્થળોએ હુમલો કરી ભાગફોડ કરવી, હિંસા કરી ભાંગફોડ કરવી, હિંસા અને ત્રાસ ફેલાવવાની શક્યતાને વ્યાને લઈ જન સલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેના માટે તકેદારીના પગલા લેવા જરૂરી જણાય છે.

ભરૂચ જીલ્લામાં નર્મદા નદીમાં સરફુદીન બેટ, દશાન બેટ, મહેગામ બેટ, વેંગણી બેટ નદીમાં ચોમાસાની સીઝન પછી પાણી ઓછું હોવાના કારણે ઉપસી આવેલાં છે. આ બેટ ઉપર કોઈ માનવ વસ્તી આવેલ નથી. જયારે દરીયા કિનારે આવેલ આલીયાબેટમાં લોકોની વસ્તી આવેલ છે.જેઓ પશુપાલન તથા માછીમારી કરે છે.આ ટાપુ કાયમી ટાપુ છે.જે હાઈ ટાઈડ તેમજ નદીમાં પુર વખતે પણ ડુબતો નથી.આલીયાબેટ, સુરફુદીન બેટ, દશાન બેટ, મહેગામ બેટ, વેગણી બેટ પર અધિકૃત કરેલ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી વગર કોઈપણ અન્ય વ્યકિત પ્રવેશ કે કોઈપણ પ્રકારના બાંધકામ કે ધાર્મિક મેળાવડા ન કરે તે માટે કોઈપણ વ્યક્તિને ટાપુ પર પ્રવેશ કરતા રોકી શકાય તેમજ ગેરકાયદેસર પ્રવેશ કરનાર વ્યકિત ઉપર કાનુની પગલાં લઈ શકાય અને જરૂરી વ્યવસ્થા કરી આવી પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લામાં નર્મદા નદીમાં આવેલ સરફુદીન બેટ, દશાન બેટ, મહેગામ બેટ, વેંગણી બેટ, આલીયાબેટ પર પોલીસ વિભાગની પૂર્વ મંજુરી વગર કોઈ પણ અન્ય વ્યક્તિ પ્રવેશ કે કોઈપણ પ્રકારના બાંધકામ તથા ધાર્મિક મેળાવડા કરી શકશે નહીં.

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરિયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/વાહન ખ.વે/વશી/૨૭૨૯/૨૦૨૫—ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતાં અહેવાલો તથા વર્તમાનમાં અને ભૂતકાળમાં બનેલ આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કૂટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા સ્પેર પાર્ટોનો ઉપયોગ આ તત્વો દ્વારા કરાતો હોય છે, અને આ પ્રકારની અસામાજીક પ્રવૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજય બહારના પર પરપ્રાંતીય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિ આચરતાં હોય છે. જેના કારણે જાહેર સલામતી, સુરક્ષા તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે સામાન્ય નાગરીકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે. જેથી, આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિત-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના સ્કૂટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા સ્પેર પાર્ટી ખરીદનાર/વેચનારનાઓએ નીચે જણાવેલ શરતને આધીન રહી કાર્યવાહી કરવાની રહેશે.

ફરજિયાત કરવાની કામગીરી :-

(૧) જુની કારો તથા અન્ય જુના વાહનો-ટુ વ્હીલ, થ્રી વ્હીલ, ફોર વ્હીલ તથા સ્પેર પાર્ટો ખરીદનાર વેચનારનાઓએ નીચે મુજબની કોલમ વાઈઝની માહીતી અંગેનું રજીસ્ટર ફરજીયાતપણે નિભાવવાનું રહેશે તથા આ રજીસ્ટર પોતાની પાસે નાશ ન થાય તે રીતે રેકર્ડ રૂપે જાળવવાનું રહેશે. તેમજ ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

અ.નં.	વેચનારનું નામ/ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું નામ/સરનામુ તથા મોબાઈલ નંબર	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ રેસીડન્ટ પ્રુફની વિગત	જુનુ ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ	એન્જીન/ચેસીસ નંબર/ મોડલ નંબર/રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ
૧	૨	૩	૪	૫	૬

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૭૯૩/૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/સીસીટીવી કેમેરા/વશી/૨૭૩૦/૨૦૨૫—ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતાં અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ તથા તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયને માહોલ સર્જવાની ઘટનાઓ બનેલ છે, અને આ પ્રકારની અસામાજીક પ્રવૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ ધ્વારા હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ.સેન્ટરો, મલ્ટી પ્લેક્સ થિયેટર, લોજીંગ, બોડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગિક એકમો, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝા, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોર્મશીયલ સેન્ટરો સહીતના જાહેર સ્થળોએ રોકાણ કરી / હીલચાલ કરી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે.જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો તેમજ પ્રજમાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય તેમજ આ પ્રકારની પ્રવૃતિઓના બનાવો બનતા અટકાવી શકાય તે હેતુસર ઉપરોક્ત તમામ જગ્યાઓએ સી.સી.ટી.વી. કેમરા (નાઈટવિઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવામાં આવે તો આતંકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃતિને અંજામ આપતાં પહેલાં જ અંકુશમાં લઈ શકાય અને ગુનાખોરી પ્રવૃતિઓ જેવી કે ચોરી, ધાડ, લૂંટ, ચીલઝડપ જેવાં મિલ્કત સબંધી ગુનાઓ બનતાં અટકાવી શકાય અને ગુનો બન્યા પછી તેનો ભેદ ઉકેલવામાં તપાસ એજન્સીઓને મદદ મળી રહે. જેથી ઉપરોકત જણાવેલ તમામ સ્થળોએ સી.સી.ટી.વી કેમેરા (નાઈટવિઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ સાથે લગાડાવી ઉપરોકત તમામ પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, ભરૂચએ આમુખ(૨)ના પત્રથી શીડયુઅલ H, H1 & X ડ્રગ્સનું વેચાણ કરતા તમામ મેડીકલ/ફાર્મસી સ્ટોલની અંદર તથા બહાર હહતઅ કેમેરા લગાવવા બાબતે જાહેરનામું બહાર પાડવા જણાવતા અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ પાસે અભિપ્રાય મંગાવતા તેઓના આમુખ (૩) ના પત્રથી શીડયુઅલ H,H1 & X ડ્રગ્સનું વેચાણ કરતા તમામ મેડીકલ/ફાર્મસી સ્ટોલની અંદર તથા બહાર હહતએ કેમેરા લગાવવા બાબતે જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા સમગ્ર વિસ્તારમાં આવેલ હોટલો/ લોજ / ગેસ્ટ હાઉસો / ધર્મશાળાઓ તથા હોસ્ટેલો (ભાડાથી, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ખાનગી કે ધાર્મિક ટ્રસ્ટની વ્યવસ્થાઓ / સંસ્થાઓ) તેમના ત્યાં રહેવા આવતા તમામ મહેમાનો / મુસાફરોની સંપૂર્ણ વિગતો જેવી કે, નામ, સરનામા, ફોન /મોબાઈલ નંબર, ફોટા, ઓળખકાર્ડ, જે વાહન લઈને આવેલ હોય તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને કંપની / મોડલ દર્શાવતી વિગતો નિયત અને અધિકૃત કરાયેલા રજીસ્ટરોમાં રાખવા તથા ભરૂચ જિલ્લામાં આવેલ તમામ હોટલો, ટોલ પ્લાઝાઓ, પેટ્રોલપંપ ઉપરનાં ફીલીંગ સ્ટેશન, સીએનજી / એલપીજી પંપ ઉપરનાં ફીલીંગ સ્ટેશન, તથા તેની બાજુમાં આવેલ દુકાનના માલિકો, મેનેજરો, સંચાલક, ટ્રસ્ટીઓએ તથા શીડયુઅલ H, H1 & X ડ્રગ્સનું વેચાણ કરતા તમામ મેડીકલ/ફાર્મસી સ્ટોલ નીચે જણાવેલ શરતોને આધીન સી.સી. ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે.

(૧) જીલ્લામાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેંકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ.સેન્ટરો, મલ્ટી પ્લેક્ષ થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા-પેઢીઓ, મેડીકલ સ્ટોર, ઔધોગિક એકમો, ધાર્મિક સ્થળો, સોના, ચાંદીની દુકાનો, કોમર્શીયલ સેન્ટરો, પેટ્રોલ પંપ તથા હોટલો ઉપર તથા હાઈવે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યકિતઓનું વીડીયો રેકોર્ડીંગ થઈ શકે તેમજ બેંકિંગ સંસ્થાઓ, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીની દુકાનો અને કોર્મશિયલ સેન્ટરો, શીડયુઅલ H,H1 & X ડ્રગ્સનું વેચાણ કરતા તમામ મેડીકલ/ ફાર્મસી સ્ટોલમાં આવતાં-જતાં તમામ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી કેમેરા, નાઈટ વિઝન કેમેરા હાઈ ડેફીનેશન સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી કેમેરા (નાઈટવિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રોકોર્ડીંગ સિસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

(૪) ઉપરોકત જણાવેલ સ્થળોની બહારના ભાગે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવાના રહેશે.

(૫) ઉપરોક્ત જણાવેલ સ્થળોના પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવાના રહેશે.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવાના રહેશે.

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૭૯૫/૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/કામદાર ફોર્મ-પોલીસ/વશી/૨૭૩૧/૨૦૨૫—ગુપ્તચર ખાતાના અહેવાલ તથા દેશના અલગ અલગ રાજયોમાં તથા ગુજરાતમાં ભુતકાળમા બનેલા અનેક રાષ્ટ્રવિરોધી બનાવો જેવા કે ત્રાસવાદ, બોમ્બ બ્લાસ્ટ જેવાં બનાવો બનેલ છે. જે બનાવોને અંજામ આપતાં આરોપીઓ મોટે ભાગે રાજય બહારના અને જીલ્લા બહારના હોય છે. જે આરોપીઓ શરૂઆતમાં એક આમ નાગરીક તરીકે દુકાનો, એકમોમાં કામ કરવા સારૂ રોજગારી મેળવવા ના બહાને રોજગારી મેળવી રોકાઈ અને સ્થાનિક ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ અને ત્રાસવાદી, ભાંગફોડીયા પ્રવૃતિ, ચોરી, લુંટ, ધાડ, હત્યા જેવા ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપી રોજગારી મેળવી હોય તે જગ્યાએથી નાસી જતાં હોય છે અને તપાસ કરનાર એજન્સીઓ જયારે ગુનાનો ભેદ ઉકેલવાની નજીક સુધી પહોચે ત્યારે પાછળથી જાણવા મળે છે કે ગુનો કરનાર વ્યક્તિનું પુરેપુરૂ નામ સરનામું, વતનનું સરનામું તેમજ તેને કામદાર તરીકે લાવનાર એજન્ટનું નામ સરનામું તેમજ તેના અગાઉનો પૂર્વ ઈતિહાસ વિગેરે માહિતી કામદાર તરીકે રાખનાર માલીક પાસે ઉપ્લબ્ધ હોતી નથી. જેના કારણે આવા કૃત્યો કરનાર ઈસમો ઝડપથી પકડી શકાતા નથી. અને નકકી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે.

અવારનવાર એવું ધ્યાન ઉપર આવેલ છે કે અસામાજીક તત્વો વ્યવસાયિક જગ્યાઓએ નોકરીના બહાના હેઠળ આશરો મેળવી સર્વે કરી બાદમાં જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને જાહેર જનતાની સંપતીને નુકશાન પહોચાડવાની કોશીષ કરે છે. અને સ્થાનીક પરીસ્થિતિથી માહીતગાર થઈને તેઓની અસામાજીક પ્રવૃતિઓની અંજામ આપતા હોય છે. આવા અસામાજીક તત્વો શહેરમાં તથા જીલ્લાના અલગ અલગ વિસ્તારોમાં રાજય બહારના મજુરો, કડીયાકામ, ઈટોના ભઠ્ઠાના, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસમાં, રસોઈયા, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો લારી ઉપર તથા કલરકામ કરતા કારીગર તરીકે રોજગારી મેળવતા હોય છે. આવા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્ર નિયમિત રીતે માહિતગાર થાય તેવા શુભ આશયથી તથા તેના ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં બહારના મજુરોને કામદાર તરીકે રાખનાર જે તે એકમના માલીક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાક્ટર વિગેરેએ આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જરૂરી વિરગદ તો ભરી ફરજીયાતપણે સંગંધીત પોલીસ સ્ટેશન ખાતે જમ. કરાવવાનું રહેશે.

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ સ. હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કદાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૭૯૬/૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/ટ્રાંસપોર્ટ ધંધા/વશી/૨૭૩૨/૨૦૨૫—ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાન અને ભુતકાળમાં બનેલ બનાવો જોતાં, આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે, અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ કરવામાં સ્લીપરસેલનો ઉપયોગ આતંકવાદી સંસ્થાઓ કરતી હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજય બહારના, પરપ્રાંતિય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃતિઓ આચરતાં હોય છે. અને ગમે તે રીતે ટ્રાન્સપોર્ટ માં ડ્રાઈવર કંડકટર તરીકે નોકરી મેળવીને પોતાનો ઈરાદો પુરો કરતાં હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે. જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રકામાં લેવા માટે ટ્રાન્સપોટેશનનું કામ કરતાં માલીકો તરફથી

તેમને ત્યાં જે ડ્રાઈવર તથા કંડક્ટર લકઝરી બસ તથા ટ્રક, ટેમ્પો, ટેન્કર વિગેરે વાહનો ઉપર કામ કરવા રાખવામાં આવે તો તેઓએ ભરતી કરતાં પહેલાં જે તે વ્યકિતનું પુરેપુરૂ નામ, સરનામું જેમાં હાલનું સરનામું અને મુળ વતનનું સરનામું તેમજ તેને અત્રેના જીલ્લામાં કોણ ઓળખે છે તેનું નામ સરનામું તેમજ તેનો અગાઉનો પુર્વ ઈતિહાસ વિગેરેની માહિતી ડ્રાઈવર, કંડકટર તરીકે રાખનાર માલીક પાસે ઉપલબ્ધ હોતી નથી. જેના કારણે આ ડ્રાઈવર, કંડક્ટર ઘણીવાર લાખો રૂપિયાનો માલ સમાન જે તે જગ્યાએ નહીં પહોંચાડી બીજા અન્યને સગેવગે કરીને ગમે ત્યાં વાહન મુકીને જતાં રહે છે. તેમજ આતંકવાદી સંસ્થાઓ તરફથી ડ્રાઈવર, કંડકટરને લાલચ આપી બોમ્બ બ્લાસ્ટ જેવાં બનાવો કરવામાં સ્લીપર સેલ તરીકે ઉપયોગ કરતાં હોઈ છે. અને આવા કૃત્યો કરનાર ઈસમો ગુનો કરીને ભાગી ગયા પછી ઝડપથી પકડી શકાતાં નથી. અને નકકી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી સલામતી અને શાંતિનો ભંગ કરે છે.જેથી આવી પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં જે તે ટ્રાન્સપોર્ટના માલિકોએ આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી ફરજીયાતપણે સંબંધીત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવાનું રહેશે.

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૭૯૭/૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/ભંગાર ધંધા/વશી/૨૭૩૩/૨૦૨૫–આમુખ (૧) ના પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર મુજબ ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાન અને ભુતકાળમાં બનેલ બનાવો તેમજ ગેરકાયદેસરની પ્રવૃતિઓ ધ્યાને લેતાં જણાય છે કે, ભરૂચ જીલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર આવેલ હોય, જેમાં રોજગારી અર્થે પરપ્રાંતીય આવીને રહે છે અને ભરૂચ જીલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારોમાં ધાડ, લૂંટ, ઘરફોડ, ચોરી જેવા મિલ્કત સબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. મિલ્કત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરનાર માણસો હોય છે. ભંગાર ઉઘરાવવાની ફેરી કરતાં ઈસમો નાની મોટી ચોરીઓ કરી ભંગાર વેચાણ કરે છે. આવા પ્રકારની ચોરીનો માલ ભંગારનો ધંધો કરનાર ઈસમો રાખતાં હોય છે. પરંતુ લોકો કાયદેસરની પ્રક્રિયામાં પડવાના લીધે આવી નાની ચોરીઓની ફરીયાદો પણ કરતાં હોતા નથી. ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો પૈકી મોટાભાગના ઈસમો પરપ્રાંતીયો હોય છે અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતાં રહેતાં હોય છે, જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે.

ભરૂચ જીલ્લામાં ચોરી, ધાડ, લૂંટ, મિલ્કત સંબંધી ગુનાઓ નોંધાય છે અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સકંળાયેલા ઈસમો મિલ્કત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે, જેથી, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ ભરૂચ જીલ્લા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો ઉપર નિયંત્રણો મુકવાનું અને જાહેર સલામતી અને સુરક્ષા માટે આવી પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ ભરૂચ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબની સુચનાની અમલવારી કરવા હુકમ કરુ છું.

(૧) ભંગારનો ધંધો કરતાં ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે, તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકીપણાના દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર કરીને રાખવાના રહેશે અનેજમીનના માલીકનું ધંધા અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકાશે નહી.

(૨) ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ મૂળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ લાવીને રાખવું તેમજ જે જગ્યાએ હાલમાં રહેતાં હોય ત્યાનું પણ પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારના ધંધામાં જેટલા માણસો કામે રાખેલ હોય, તેઓના મૂળ વતનના તેમજ જયાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી

રાખવાનું રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતાં હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઈ.ડી.પ્રુફની નકલ આપવાની રહેશે.

(૫) ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઈ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવે ત્યારે તુરતજ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

(૬) ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે તે વ્યક્તિના આઈ.ડી.પ્રુફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના સંપર્ક નંબરની માહીતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૭) જયારે કોઈપણ વાહન વેચવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી.બુક વિના વેચાણ કે ખરીદી કરી શકાશે નહીં તથા આવા વાહનો એન્જીન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહીતીની તાત્કાલિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૯/૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

વંચાણે લીધાં :-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૭૯૮/૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

૨) Notification dated: 14/02/2000 of Ministry of Env. & Forests, Govt. Of India

૩) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/લાઉડ સ્પીકર/વશી/૨૭૩૪/૨૦૨૫–ભરૂચ જીલ્લામાં જાહેર જગ્યાઓમાં લાઉડસ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તેમજ ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના અનિયંત્રીત ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ થાય છે. જેની નાગરીકોના આરોગ્ય ઉપર વિપરીત અસર થાય છે. તેમજ ધ્વનિ પ્રદુષણના લીધે નાગરીકોના કામમાં તેમજ વિદ્યાર્થીઓના અભ્યાસમાં અડચણ ઉભી થાય છે, અને ઉપરોક્ત સાધનોના અનિયંત્રિત ઉપયોગથી સુલેહભંગ તેમજ સાંપ્રદાયિક કોમી હિંસાના બનાવો બને છે. આથી રહેણાંક વિસ્તાર તથા અવર જવર કરનારાઓને હરકત/ અગવડ ત્રાસ જોખમ, ભય નુકશાન થતું અટકાવવા સારૂ જાહેર જગ્યાઓમાં લાઉડ સ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તેમજ ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના અનિયંત્રિત ઉપયોગ ઉપર મનાઈ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ભરૂચ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ નાં ૨૨ માં)અધિનિયમની કલમ ૩૩ ની પેટા કલમ ૧ ના પેટા કલોઝ (એન) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ પ્રતિબંધાત્મક આદેશ ફરમાવુ છું.

૧) ડી.જે./લાઉડસ્પીકર અથવા પબ્લિક એડ્રેસ સિસ્ટમના સાધનો બનાવનાર/વેચનાર/ ખરીદનાર/ભાડે આપનાર/ભાડે લેનાર વ્યકિત સંસ્થાઓએ આ કામ કરતા પોતાના કર્મચારીઓ તથા કાર્યક્રમ અંગેની જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં સંપૂર્ણ વિગતો સાથેની માહિતી વખતો વખત આપવાની રહેશે.

૨) આ રીતે ડી.જે./લાઉડસ્પીકર અથવા પબ્લિક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરતી વખતે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નીપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદૂષણ(નિયમન અને નિયંત્રણ) નિયમો ૨૦૦૦ સંદર્ભ-૨ તારીખઃ ૧૪/૦૨/૨૦૦૦ ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે, જેમાં તારીખ ૧૧/૦૧/૨૦૨૧ ના રોજ આ નિયમમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદૂષણ નિયમો ૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણે નીચે મુજબ નકકી કરવામાં આવેલ રજીસ્ટર પણ નિભાવવાનું રહેશે અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ભાડે લઈ જનારની વિગત						ડી.જે.સાધનોની વિગત			વિગત		ભાડે લઈ જનારની સહી
અ.નં.	ભાડે લેનારનું નામ	સરનામું	મો.નં.	હેતુ	વિસ્તાર	ડી.જે../લાઉડ સ્પીકરની વિગત	સ્પીકર એમ્પલી ફાયરની સંખ્યા	કેપેસીટી (ડી.બી)	ભાડે આપ્યાની તારીખ	સમય	

(૩) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડ સ્પીકર સિસ્ટમનું તથા અન્ય સાધનોથી ઉત્પન થતા અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતા વધવી ન જોઈએ, જે અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૪) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે જે તે વિસ્તારની નિયત માત્રા કરતા ધ્વનિની માત્રા વધવી ન જોઈએ.

(૫) કોઈ ઓડીટોરીયમ કોન્ફરન્સ હોલ કોમ્યુનિટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સિસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી પરંતુ તેનો અવાજ જે તે સ્થળેથી બહાર જવો જોઈએ નહી.

(૬) ધાર્મિક રચળોમાં કલાક: ૦૬/૦૦ થી કલાક ૨૧/૦૦ સુધી વગર પરવાનગીએ લાઉડ સ્પીકર વાંજિત્રો પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે. પરંતુ તેનો અવાજ એ રીતે મર્યાદિત કરેલો હોવો જોઈએ કે સંકુલની હદની બહાર જવો ન જોઈએ.

(૭) લગ્નના વરઘોડા કે અન્ય કોઈ કાર્યક્રમમાં કલાક: ૦૫/૦૦ થી કલાક: ૨૨/૦૦ દરમ્યાન લાઉડ સ્પીકર અથવા ડી.જે. સિસ્ટમનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી લઈને કરી શકાશે.

વિસ્તાર:

ભરૂચ જીલ્લાનો સમગ્ર વિસ્તાર

અમલવારી સમયગાળો:

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી ૬૦ દિવસ સુધી.

શિક્ષા

સદરહું હુકમના ભંગ બદલ ધ્વનિ પ્રદુષણ રિગ્યુલેશન એન્ડ કંટ્રોલ) નિયમ-૨૦૦૦, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૯૨ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ ઉપરોક્ત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરિયાદ માડવા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કલાના પોલીસ અધિકારશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૭૯૯/૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/માલિક-ફોર્મ/વશી/૨૭૩૫/૨૦૨૫–ગુપ્તચર સંસ્થાના અહેવાલ તથા અગાઉ પુલવામા ખાતે સી.આર.પી.એફ.ના કાફલા ઉપર થયેલ આતંકવાદી હુમલો, અસામાજીક તત્વો ધ્વારા જમ્મુ કાશ્મીર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા મહારાષ્ટ્ર રાજયના પુના શહેરના ભરચક વિસ્તાર જંગલી મહારાજ રોડ ઉપર લગભગ ૪૦ મીનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલો મીટરના દાયરામા "Low Intensity"ના ચાર સીરીયલ બ્લાસ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ તથા તે બોમ્બ એ.ટી.એસ.ધ્વારા ડીફયુઝ કરવામાં આવેલ, તદઉપરાંત નવી દીલ્હી ખાતે માનનીય વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાઈલી એમ્બેસીના વાહન ઉપર તા.૧૩/૦૨/૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ, તેમજ તા.૦૭/૦૯/૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ તથા ગુજરાત રાજયમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. અમદાવાદ શહેર સુરત શહેરમાં જુલાઈ-૨૦૦૮મા થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે આવા ત્રાસવાદી, અસામાજીક તત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારામાં ગુપ્ત આશરો મેળવી પોતે નકકી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવાં ત્રાસવાદી,અસામાજીક તત્વો રહેણાંક તથા ઔધોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.તેમજ માનવ જીંદગીની ખુમારી અને જાહેર જનતાની સંપતીને નુકશાન પહોચાડવાની કોશિષ કરે છે. આ માટે ત્રાસવાદી અસામાજીક તત્વો જીલ્લા

શહેર તથા અલગ અલગ વિસ્તારોમાં મજુરો, કડીયાકામ, ઈટોના ભઠ્ઠાના, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસમાં રસોઈયા, ફેક્ટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો લારી ઉપર તથા કલરકામ કરતા કારીગર તરીકે રોજગારી આપી રહેણાંક તથા ઔધોગિક વિસ્તારોમાં મકાન/એકમ ભાડે રાખી રહેતાં હોય છે અને કામદાર તરીકે રાખતાં હોય છે તેવું અગાઉ બનેલા કિસ્સાઓમા જાણવાં મળ્યું છે. જેથી જીલ્લાના અલગ અલગ મકાનો, એકમો તથા દુકાનો ભાડે આપતા માલીકો આવા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્રને નિયમીત રીતે માહિતગાર કરે તેવા શુભ આશયથી તથા જો તેમ ન કરે તો તેના ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં અલગ અલગ મકાનો, એકમો તથા દુકાનો ભાડે આપતા માલીકો વિગેરેએ આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી ફરજીયાતપણે સંબંધીત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવાનું રહેશે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખથી ૬૦ દિવસ સુધી કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ -૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કથાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૮૦૦/૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/૨ખડતાં પશુ/વશી/૨૭૩૬/૨૦૨૫–હાલના પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતાં ભરૂચ જીલ્લાના વિસ્તારોમાં કેટલાક ઈસમો ઢોર માટે રસ્તા ઉપર ઘાસચારો વેચતા હોવાનું ધ્યાને આવેલ છે તેમજ રસ્તા પર રખડતા ઢોરો જોવા મળે છે. જે બાબતે લોકોના સ્વાસ્થ અને જાહેર માર્ગ પરની સલામતીને ભયરૂપ છે. જેથી માર્ગ અકસ્માત નિવારવા અને જાહેર જનતાની સલામતી હેતુસર ભરૂચ જીલ્લા વિસ્તારના જાહેર માર્ગો, ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર કોઈપણ વ્યક્તિ ધ્વારા ઘાસચારાનું વેચાણ કરવા તથા જાહેરમાં પશુઓને ધાસચારો નાંખવા તેમજ જાહેરમાં પશુઓને રાખવા કે ખુલ્લા રખડતાં મુકવા બાબતે પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોઈ, રખડતાં ઢોરોનો ઉપદવ અટકાવવા બાાબતનું જાહેરનામું સમગ્ર ભરૂચ જીલ્લાના વિસ્તાર માટે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે આમુખ(૨)ના પત્રથી દરખાસ્ત રજુ કરેલ છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, માર્ગ અકસ્માત નિવારવા અને જાહેર જનતાના આરોગ્ય અને સલામતીના હેતુ માટે સમગ્ર ભરૂચ જીલ્લા વિસ્તારના જાહેર માર્ગો, ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર કોઈપણ વ્યકિત ધ્વારા ઘાસચારાનું વેચાણ કરવા, જાહેરમાં પશુઓને ધાસચારો નાંખવા તેમજ જાહેરમાં પશુઓને રાખવા કે ખુલ્લા રખડતાં મુકવા બાબતે પ્રતિબંધ ફરમાવતો હુકમ કરું છું.

:- શિક્ષા -:

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ ગુનાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું હુકમની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૯/૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સીકકો કરી આપ્યો છે.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૮૦૧/૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/વિદેશી નાગરિક/વશી/૨૭૩૭/૨૦૨૫–આમુખ (૨)ના પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર અન્વયે હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુમચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ બનાવો તેમજ વિદેશી નાગરીકો દ્વારા કરેલ ગેરકાયદેસરની પ્રવૃતિઓ તેમજ ભુતકાળમાં બનેલ બનાવો ધ્યાને લેતાં તેમજ અનુભવે જણાય છે કે, વિદેશથી આવતા નાગરીકોની માહિતી આપતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવુ ખુબજ જરૂરી છે. વિદેશથી આવતા આવા નાગરીકો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટેલ, લોજ, બોડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી વિદેશી નાગરીકોને ભાડેથી મકાન, હોટેલ, લોજ, બોડીંગમાં આશરો આપતા માલિકો ઉપર નિયંત્રણો મુકવાનું અને જાહેર સલામતી અને સુરક્ષા માટે આવી પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ભરૂચ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબની સુચનાની અમલવારી કરવા હુકમ કરું છું.

૧. ભરૂચ જીલ્લા વિસ્તારના મકાન, હોટેલ, લોજ, બોડીંગ, ગેસ્ટ હાઉસ વિગેરે મિલકતો વિદેશી નાગરીકોને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડે આપે ત્યારે તેની જાણ 24 કલાકમાં પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચની કચેરી એલ.આઈ.બી.શાખા ખાતે ફોરેનર્સ બ્રાંચમાં તેમજ સંબધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તેમજ નીચે જણાવેલ શરતો સિવાય કોઈપણ વિદેશી વ્યક્તિને હોટેલ, લોજ,બોડીંગ વિગેરે મિલકત માલિકો ભાડે આપી શકશે નહી.

૨. હોટેલ, લોજ, બોડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વિઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો સહિતની કોપી લેવી અને રેકર્ડમાં રાખવી.

૩. વિદેશી નાગરીકના પાસપોર્ટ, વિઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકોર્ડમાં રાખવી.

૪. વિદેશી નાગરીકોને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબના નમુના મુજબ ફોર્મ પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચની એલ.આઈ.બી.શાખા ખાતે ફોરેનર્સ બ્રાંચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

૫. અજાણ્યા વિદેશી નાગરીકોને હોટેલ, લોજ, બોડીંગ કે મકાનો ભાડેથી આપવા નહી.

૬. વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં, ટેલીફોન સહિતના નકકર પુરાવા મેળવી રેકર્ડમાં રાખવાના રહેશે.

૭. ભરૂચ જિલ્લામાં વિદેશી નાગરીક કઈ જગ્યાએ કયા કામ માટે કોને કોને મળવાના છે? કેટલો સમય રોકાવાના છે? તેની સંપૂર્ણ વિગત મેળવવી અને રેકર્ડમાં રાખવી.

૮. કોઈપણ વિદેશી મુસાફરની શંકાસ્પદ હલચલ જણાય તો તાત્કાલિક સંબધીત પોલીસ સ્ટેશન ને જાણ કરવી.

૯. હોટેલ, લોજ,બોડીંગમાં સી.સી.ટી.વી.કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોડીંગના બેક્સપને ત્રણ માસ સુધી રાખવાનું રહેશે.

૧૦. હોટેલ, લોજ, બોડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મ શાળામાં રોકાણ માટે આવતા વિદેશી નાગરીકો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોધ કરવાની રેહશે.

૧૧. વિદેશી નાગરીકોના મોબાઈલ નંબર રજીસ્ટરમાં નોંધવાના રહેશે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૯/૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સીકકો કરી આપ્યો છે.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૮૦૨/૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:એમએજી/પ્રા.સીક્યુરીટી એજન્સી/વશી/૨૭૩૮/૨૦૨૫–ભરૂચ જીલ્લામાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો આવેલ હોય કેમીકલ કંપનીઓનો ગેસ જો અસામાજીક તત્વો દ્વારા બોમ્બથી બ્લાસ્ટ કરવામાં આવે તો આખા ભરૂચ જીલ્લાની પ્રજા તંત્રના જાનમાલને નુકશાન થઈ

શકે તેમ છે. જેથી જીલ્લામાં આવેલ જી.આઈ.ડી.સી.ની કંપનીઓ મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાંક વિસ્તારો હોટલો, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળે, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરે ઉપર સુરક્ષા કર્મચારીઓને રાખવામાં આવે છે, જે સુરક્ષા કર્મચારીઓ પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીઓ તરફથી લાયસન્સ મેળવ્યા પછી ભરતી કરીને જે તે કંપની તેમજ હોટલો વિગેરે ઉપર સપ્લાય કરે છે અને તે અંગેની જાણ જે તે પોલીસ સ્ટેશનમાં તેમજ એસ.ઓ.જી ભરૂચમાં કરતા નથી. જેથી હવે પછીથી કોઈપણ પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીઓએ પોતાને ત્યા ભરતી કરેલ સિક્યુરીટી ગાર્ડ, સિક્યુરીટી ગનમેન અને સુપરવાઈઝરના બાયોડેટા તૈયાર કરી તેમજ તેઓનુ વેરીફીકેશન ફોર્મ વિગતવારનું ભરી તેની સાથે તેના વતનના પુરાવા તરીકે આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી સામેલ રાખી તે પછી જ જેતે ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરનું વેરીફીકેશન કરાવ્યા પછી જે તેઓને કોઈપણ કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ સોસાયટીઓ, રહેણાંક વિસ્તારો હોટલો, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરેએ પણ ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યા નોકરી ઉપર રાખતાં પહેલાં તેઓનું વેરીફીકેશન થયેલું હોય તેને જ નોકરી ઉપર રાખવાના રહેશે.

પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીઓ દ્વારા જવાનોની ભરતી કરી અલગ-અલગ સ્થળો જેવા કે કંપનીઓ, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગમોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરે સ્થળોએ સિકયુરીટી-સલામતી સાચવવાના હેતુસર ઓન પેમેન્ટ સિક્યુરીટી જવાનો ફાળવવામાં આવે છે અને આ જવાનો સિક્યુરીટી-સલામતીની ફરજો અદા કરતી વેળા તેનો ગેરલાભ લઈ લુંટ, ધાડ, ચોરી અને બીજા ગંભીર શરીર સંબંધીત ગુનાઓ, કોગ્નીઝેબલ ગુનાઓ તેમજ રાષ્ટ્ર વિરૂધ્ધના ગુનાઓ પણ આચરી નાશી ભાગી જતા હોય છે.આથી આ પ્રવૃત્તિ ગુનાહીન કૃત્યો અટકાવવા અતિ આવશ્યક છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું હું કે, ભરૂચ જીલ્લામાં પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીએ જે સ્થળોએ સિક્યુરીટી જવાનની ફાળવણી કરે છે તે તમામ જવાનોની સંપૂર્ણ બાયોડેટા ફોટ સહિતની માહીતી જે તે પોલીસ સ્ટેશન અને પોલીસ અદેક્ષિકશ્રી, ભરૂચના નિયંત્રણ હેઠળ આવતી સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (S.O.G) કસક પોલીસ ચોકી, પહેલો માળ, ભરૂચની કચેરીએ કાણ કરવાની રહેશે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચ્યો:-

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૮૦૩/૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૭૭૬/૨૫ તા.૨૮/૫/૨૦૨૫

જાહેરનામું

ક્રમાંક:એમએજી/નો ડ્રોન/વશી/૨૭૩૯/૨૦૨૫–પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચએ આમુખ-(૨) થી અત્રેના આમુખ-(૧) ના જાહેરનામાની મુદત પુર્ણ થયેલ હોઈ જીલ્લામાં આવેલ પ્રોહીબીટેડ એરીયા અને આંતરીક સલામતીને અસર કરે તેવા અન્ય સંવેદનશીલ વિસ્તારોને 'નો ડ્રોન ઝોન' જાહેર કરવા બાબતે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ કરેલ છે. જે અન્વયે ભારત સરકારશ્રી તરફથી બહાર પાડવામાં આવેલ CAR (Civil Aviation Requirement) નિયમનની સેકશન ૨.૨ માં પ્રોહીબિટેડ એરીયા અંગેની વ્યાખ્યા આપવામાં આવેલ છે તથા CAR નિયમનની સેકશન ૧૩ મુજબ કયાં કયાં વિસ્તારમાં ડ્રોન ઉડાડવાની મનાઈ કરવામાં આવેલ છે, જે લગત સુચનાઓ કરવામાં આવેલ છે, CAR નિયમનમાં આપેલ ઉપરોકત સેકશનની વિગતોનું Unmanned Aircraft System Rules-2021 ની સેકશન-૨ માં વ્યાખ્યા તથા સેકશન-૩૭ માં ઓપરેશન એરિયાનું પુનરાવર્તન કરવામાં આવેલ છે.

ગૃહ વિભાગ, ભારત સરકારના પત્ર ક્રમાંક:VI-23014/209/IND/2018-VS, ૨૬/૦૨/૨૦ થી વાયટલ ઈન્સ્ટોલેશન એરીયા અને આંતરીક સલામતીને અસર કરે તેવા અન્ય સંવેદનશીલ વિસ્તારોને 'નો ડ્રોન ઝોન' જાહેર કરવા માટે સુચનો કરવામાં આવેલ છે.જે અનુસંધાને ગૃહ વિભાગ, ગુજરાત સરકારશ્રીના પત્ર ક્રમાંક:SB-1/KAV/102018/GOI-317,તારીખ:૦૬/૦૭/૨૦૨૧ થી પણ ઉપરોકત વિગતે સુચનો કરવામાં આવેલ છે. સદરહું બાબતે ભારત સરકાર તરફથી તા.૧૦/૦૫/૨૦૧૯ ના રોજ એસ.ઓ.પી બહાર પાડવામાં આવેલ છે, જેની સેકશન ૧૬-ડી માં જે જોગવાઈ કરવામાં આવેલ છે, તે અનુસાર કાર્યવાહી હાથ ધરવા અને પ્રોહીબિટેડ એરિયા અને આંતરિક સલામતીને અસર કરે તેવા અન્ય સંવેદનશીલ વિસ્તારોને 'નો ડ્રોન ઝોન' જાહેર કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા જરૂરી સુચના કરવામાં આવેલ છે. જે અન્વયે આમુખ-(૧) થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાની મુદત વધારવી આવશ્યક જણાય છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂ એ ફરમાવું છું કે, રેડ તથા યલો કેટેગરી વાઈઝ આ સાથે સામેલ પત્રક મુજબ યુનિટ નં.૧ થી ૯૩ મુજબના તમામ વાયટલ ઈન્સ્ટોલેશન આંતરિક

સલામતીને અસર કરે તેવા અને સંવેદનશીલ વિસ્તારોને 'નો ડ્રોન ઝોન' જાહેર કરી ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતાં એરીયલ મિસાઈલ કે પેરાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈકો લાઈટ એરક્રાફટ ચલાવવાની મનાઈ ફરમાવતો હુકમ કરું છું.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

એન. આર. ધાધલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ,

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

નં.એમએજી./જી.પી.એ./કા.વ્ય./હુકમ/વશી.૫૪૭૯ થી ૫૫૧૮/૨૦૨૫.–હાલ ગુજરાત રાજ્યમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામેલ છે. નવસારી જિલ્લામાં પણ નાગરીકો પોતાની માંગણી, રજુઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોક્કસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, અમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતુ અને મંસ્વી આયોજન કરી આ કચેરીમાં તેમજ જાહેરમાર્ગ પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. જેથી નવસારી જિલ્લામા જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ નીચે હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો-નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી ઉપલબ્ધ જોગવાઈ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૨૧/૦૬/૨૦૨૫ના કલાક ૦૦:૦૦ થી તા.૦૫/૦૭/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ (બંને દિવસો સહિત) સુધી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી, નવસારી જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા નવસારી જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની કચેરી તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, જિલ્લાની તમામ મહાનગરપાલિકા તથા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ તેમજ કમ્પાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજ્યાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસોએ એકત્રિત થવા કે સભા/સરઘસ જેવા કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ

આ હુકમ જે વ્યક્તિ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ સજાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું:-

નં. ડીસીબી એમએજી પરીક્ષા ભા.ન.સુ.સં./જાહેરનામું વશી, ૫૩૮૭ થી ૫૪૦૬/૨૦૨૫.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નવસારીની કચેરી ધ્વારા પત્ર જા.નં.બોર્ડ પરીક્ષા/૨૦૨૫/૬૭૬૮, તા.૧૦/૦૬/૨૦૨૫ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા

ધોરણ-૧૦ એસ.એસ.સી.) અને ધોરણ-૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહ સામાન્ય પ્રવાહના ઉમેદવારોની પૂરક પરીક્ષાઓ તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમિયાન લેવાનાર હોય, આ પરીક્ષા વિદ્યાર્થીઓ સાનુકૂળ વાતાવરણમાં અને શાંતિથી આપી શકે તે માટે પરીક્ષા સ્થળોની આસપાસ જરૂરીયાત મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની પ્રતિબંધાત્મક કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડવા અંગે દરખાસ્ત કરેલ છે.

આથી નિયત કરેલ તમામ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું સંચાલન સરળ અને સુચારૂ થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ સાનુકૂળ વાતાવરણમાં શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પરીક્ષાના સમય દરમ્યાન અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં કેન્દ્રોથી ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા તથા હથિયાર કે મોબાઈલ ફોન લઈ જવા પર કે પરીક્ષા સમય દરમ્યાન તેના ઉપયોગ પર કે લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/ફેકક્સ સેન્ટરો તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી રોજ સવારે ૦૭-૦૦ કલાક થી સાંજે ૨૦-૦૦ કલાક સુધી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને ઈસ્ટ જણાય છે.

વાસ્તે હું, યોગરાજસિંહ બી. ઝાલા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લામાં નકકી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો અને બીલ્ડીંગની હદથી ૧૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા કોઈ પણ વ્યક્તિએ (પરીક્ષાર્થી સહિત) હથિયાર, મોબાઈલ ફોન તથા પરીક્ષામાં મદદરૂપ થાય તેવા કોઈપણ ઈલેકટ્રીક ઉપકરણો લઈ જવા ઉપર કે લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા ઉપર તેમજ સદરહુ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/ફેકસ સેન્ટરો તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી સવારે ૦૭-૦૦ કલાક થી સાંજે ૨૦-૦૦ કલાક સુધી ચાલુ રાખવા ઉપર તથા નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો:-

(૧) બિનઅધિકૃત વ્યકિતઓએ પ્રતિબંધિત પરીક્ષા કેન્દ્ર/બીલ્ડીંગના વિસ્તારમાં દાખલ થવું નહિ.

(૨) કોઈપણ ઈસમે, કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહિ.

(૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતી અને લેખન કાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈપણ કૃત્ય કરવું/ કરાવવું નહિ.

(૪) પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી પ્રતિબંધિત કોઈપણ વસ્તુ, ઈલેકટ્રોનીક આઈટમ, મોબાઈલ ફોન, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો વિગરેનું વહન કરવું નહિ કે કરાવવામાં મદદગારી કરવી નહિ.

(૫) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે સભા બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં કે ભેગા થવું નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાની સંગાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ /અધિકારીઓ.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ/પોલીસ અધિક્ષકશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

(૩) લગ્નનાં વરઘોડાને કે સ્મશાનયાત્રા કે રેલ્વે / એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યક્તિઓને તથા ઉક્ત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ/વિદ્યાર્થીઓને તેમજ પરીક્ષાની કામગીરી માટે રોકાયેલા અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહીં.

વધુમાં ઉકત પરીક્ષા અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તરફથી બહાર પાટેલ માર્ગદર્શિકાઓ તથા સરકારશ્રીની વખતો-વખતની જોગવાઈઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

-: શિક્ષા :-

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

SSC-2025

Dist Code	Dist Name	zone code	zone name	Centre Code	Centre Name	Bldg No	Bldg Name	Given Blocks	Used Blocks	School No	Bldg Address	CCTV Status	school type Code	School Type
78	NAVSARI	078	NAVSARI	7807	NAVSARI	01	D D HIGH SCHOOL FOR GIRLS	10	10	78.0025	NAVSARI FUWARA DABOO CHAWK NAVSARI DIST - NAVSARI	Yes	2	Grant-in-aided School (High School)
78	NAVSARI	078	NAVSARI	7807	NAVSARI	02	JAY AMBE INTERNATIONAL SCHOOL	10	10	78.0201	AT SAMROLI, TA. CHIKHALI, DI. NAVSARI	Yes	3	Self-Financed School (High School)
78	NAVSARI	078	NAVSARI	7807	NAVSARI	03	J C & J C SHRI SHRESHTHI VIDHYA SANKUL	8	8	78.0139	CITY GARDEN MANKODIA VIJALPORE NAVSARI TAL-JALALPORE DIST - NAVSARI	Yes	2	Grant-in-aided School (High School)
78	NAVSARI	078	NAVSARI	7807	NAVSARI	04	R D PATEL SARVAJANIK HIGH SCHOOL	10	10	78.0121	CHOVISI DIST-NAVSARI CHOVISI TAL NAVSARI DIST - NAVSARI	Yes	2	Grant-in-aided School (High School)
78	NAVSARI	078	NAVSARI	7807	NAVSARI	05	MAHILA VIDYABHAVAN HIGH SCHOOL	10	10	78.0073	NAVSARI TAL NAVSARI DIST - NAVSARI	Yes	2	Grant-in-aided School (High School)
78	NAVSARI	078	NAVSARI	7807	NAVSARI	06	R.K.G. SWAMINARAYAN HIGH SCHOOL NAVSARI	10	10	78.0112	ITALWA DIST-NAVSARI TAL. NAVSARI DIST - NAVSARI	Yes	2	Grant-in-aided School (High School)
78	NAVSARI	078	NAVSARI	7807	NAVSARI	07	ASHRAMSHALA BHAKTASHRAM	10	10	78.0120	UDHYOG NAGAR, VEJALPOR, DIST-NAVSARI	Yes	2	Grant-in-aided School (High School)
78	NAVSARI	078	NAVSARI	7807	NAVSARI	08	NARAN LALA SCHOOL	10	10	78.0180	BHAGWATI SANKUL NEAR ERU CHAR RASTA	Yes	3	Self-Financed School (High School)
78	NAVSARI	078	NAVSARI	7807	NAVSARI	09	NEELKANTH HIGH SCHOOL	10	1	78.0154	GAURI SHANKAR MAHOLLO, NEAR BHAVANI MATA'S MANDIR, OPP.SARDAR COMPLEX. JALALPOR ROAD, NAVSARI	Yes	3	Self-Financed School (High School)

GENERAL STREEM-2025

dist code	centre	centre name school index	bulding name	total capacity	total block	BLDG NO	cctv	used block
23	2303	NAVSARI 23.0213	BAI N.T.GIRLS HIGH SCHOOL	300	10	01 GRANTED	Y	10
23	2303	NAVSARI 23.0007	THE D.K TATA HIGH SCHOOL	240	8	02 GRANTED	Y	3

SCIENCE STREEM-2025

dist code	centre	centre name & INDEX NO.	bulding name	total capacity	total block	BLDG NO	cctv	used block
23	2303	NAVSARI 23.0046	THE VIDHYAKUNJ HIGH SCHOOL	260	13	1	Y	13
23	2303	NAVSARI 23.0006	SHETH H.C.PAREKH NAVSARI HIGH SCHOOL	240	12	2	Y	12
23	2303	NAVSARI 23.0015	ST.FRANCIS OF ASSISI CONVENT HIGH SCHOOL	200	10	3	Y	10
23	2303	NAVSARI 23.0001	SIR C.J.N.Z MADRESA HIGH SCHOOL	200	10	4	Y	10
23	2303	NAVSARI 23.0125	DIVINE PUBLIC HIGH SCHOOL	300	15	5	Y	1

SCIENCE STREEM-2025

dist code	centre	centre name & INDEX NO.	bulding name	total capacity	total block	BLDG NO	cctv	used block
23	2303	NAVSARI 23.0046	H.C.PAREKH NAVSARI HIGH SCHOOL			501	Y	

આજ રોજ તારીખ ૧૩/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

યોગરાજસિંહ બી. ઝાલા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નવસારી

વંચાણે લીધુ :-

પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય) ની કચેરીના પોલીસ ઈન્સપેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્ર.:એલ.આઈ.બી./કર્મચારી નોંધણી/જાહેરનામું/૩૭૩૦/૨૦૨૫, તા.૧૩/૦૫/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/ કર્મચારી નોંધણી/એસ.આર:-૮૭/૨૦૨૫.-અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થાની દૃષ્ટિએ તથા ગુનાહિત પ્રવૃત્તિઓ પર નિયંત્રણ રાખવા માટે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં આવેલ તમામ કંપનીઓ, ઔદ્યોગિક એકમો, બાંધકામ કાર્યો તથા અન્ય કારખાનાઓમાં કામ કરતા કર્મચારીઓ/શ્રમિકો/કામદારો જેઓને રોજગારી અઆપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોનો કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અનુસરવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે દેશ/રાજયની આંતરિક સુરક્ષા માટે અનિચ્છનિય હોય તેવા ઈસમોને લાવનાર કોન્ટ્રાકટરો/મુકાદમો/હોટલ-ધાબા/રેસ્ટોરન્ટ/ફેક્ટરી/કારખાના/કંપનીના માલિકો તેમજ તે ક્ષેત્રે જોડાયેલા સુપરવાઈઝરો તથા કોન્ટ્રાક્ટરો તેમજ કંપનીઓ ઉપર ચોકકસ પ્રકારનાં નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

નીચે મુજબની માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજિયાત નોંધણી કરાવાની રહેશે. તેમજ રેકર્ડ જમા કરાવવાનું રહેશે.

(૧) કોઈપણ સંસ્થા/એકમ તરફથી કર્મચારી/શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર તમામનાં સંપૂર્ણ નામ, હાલનું સરનામું. કાયમી સરનામું, સંપર્ક નંબર, નાગરિકતા, તેઓના પરિચિત સગા, સબંધીઓના નામ, રારનામા અને સંપર્ક નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો સાથેનું સુવાચ્ય રજીસ્ટર નિયમીતપણે નિભાવવાનું રહેશે.

(૨) આ રજિસ્ટરમાં પુરૂષ કર્મચારીઓ/શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી કર્મચારીઓ/શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન લેવામાં આવે.

(3) દરેક કર્મચારીઓ/શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયરાન્સ, આધાર કાડે. પાતળી ભેદથી ભાગાટીકના કિસ્સામાં પાસપોર્ટ, જે દેશના નાગરિકોને પાસપોર્ટ વિના ભારત દેશમાં પ્રવેશની મંજુરી આપવામાં આવેલ છે. તેવા વિદેશી નાગરિકો સિવાય) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા (એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

(૪) દરેક કર્મચારીઓ/શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ, પાસપોર્ટ) સહિતની યાદી રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે સબંધિત ઈસમને નિમણૂંક આપ્યાના દિન-૭ માં બિનચુક આપવાની રહેશે.

(૫) નોકરી/કામ પર રાખેલ કર્મચારીઓ/શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર પૈકી છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ, પાસપોર્ટ) સહિત તુરંત જ મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ ગ્રામ્યને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને દિન-૭ માં બિનચુક પુરી પાડવાની રહેશે.

(૬) તેઓથી કર્મચારીઓ/કોઈપણ લેબર કોન્ટ્રાક્ટરો/એજન્સી નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમો/કંપનીઓને કર્મચારીઓ/શ્રમિકો/કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહી, તેવી જ રીતે ઔદ્યોગિક એકમો/કંપનીઓ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાક્ટરો/એજન્સીઓથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

આ જાહેરનામાની જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરવાની રહેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૬૩. મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અવ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ -૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૧૩/૦૫/૨૦૨૫ થી તા. ૧૧/૦૭/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૧૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણમાં લીધું.-

(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૩૦/૦૫/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./બકરી ઈદ/જાહેરનામુ/૪૧૬૪/૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા(BNSS)ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ

નં.ડીસી/એમએજી/જાહેરનામું/બકરી ઈદ/એસ.આર.૧૦૮/૨૦૨૫.-આમુખ -(૧) ના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી.. અમદાવાદ ગ્રામ્યના તા.૩૦/૦૫/૨૦૨૫ના પત્રથી આગ ની તા.૦૭/૦૬/૨૦૨૫ ના રોજ મુસ્લિમ ધર્મના "બકરી ઈદ" (ઈદ-ઉલ-અઝા") નો તહેવાર આવે છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. અને આ કુરબાની જાહેર કે ખાનગી સ્થળે, મહોલ્લા કે ગલીમાં ઉ દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવાથી અન્ય ધર્મ/ સમુદાયના લોકોની લાગણી દુભાવાના કારણે સુલેહર વિનો ભંગ થવાનો સંભવ રહે છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૦૭/૦૬/૨૦૨૫ના કલાક ૦૦/૦૦ થી તા.૦૮/૦૬/૨૦૨૫ ૨૪:૦૦ સુધી (બ્બે દિવસો રાહિત) માટે સમગ્ર અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં અમલમાં રહે તે રીતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા. વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા A (BNSS) કલમ ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઇએ નીચે જણાવેલ સમયે તથા સમગ્ર અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં તા.૦૭/૦૬/૨૦૨૫ના કલાક ૦૦/૦૦ થી તા.૦૮/૦૬/૨૦૨૫ કલાક ૨૪:૦૦ સુધી (બન્ને દિવસો સહિત) સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ ફરમાવું છુ.

(૧) કોઈ પણ વ્યકતિએ કોઈપણ પશુની જાહેર કે ખાનરી જગ્યામાં શેરીઓમાં કે મહોલ્લામાં વિગેરે જગ્યામો જાહેર જનાલાને દેખાય તે રીતે કતલ કરવી નહિ.

(૨) કોઇપણ વ્યક્તિએ પશુઓને શણગારીને જાહેરમાં ફેરવવા, લઈ જવા કે પ્રદર્શન કરવા જેવી પ્રવૃત્તિ ન કરવી. તેમજ કોઈ વ્યકિત કોઇ પશુને ઝેર આપીને, અપંગ કરીને અથવા નકામા કરીને મારી નાખે છે તો ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩૦૦) કલમ - ૩૨૫ હેઠળ પાંચ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બન્ને થઈ શકે છે.

(3) "બકરી ઈદ" તહેવાર નિમિત્તે જાહેરમાં કુરબાની પછી જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં ફેકી ગદકી દુરી કે લોહી વહેવુ, પાણીમાં પ્રદુષણ થાય તો તે પ્રર્યાવરણ અધિનિયમ - ૧૯૮૬ હેઠળ ગુનાને પાત્ર છે. તથા જો આવા વ્યકિએ. લોકોપયોગી સુવિધાઓમાં અડચણ ઉભી કરે તો તે જાહેર જનજાળ (Public Nuisance) હેઠળ ભારતીય ૫ -સંહિતા, ૨૦૨૩ની કલમ - ૨૮૩ મુજબ પણ શિક્ષાને પાત્ર છે.

(૪) "બકરી ઈદ" તહેવાર નિમિત્તે કોઈ પણ વ્યક્તિ જો ઉદ્દેશપુર્વક ધર્મવિરોધી ટીપ્પણીઓ કરે અને બીજા સમુદાયની ધાર્મિક લાગણીઓ દુભાય છે તો ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ - ૨૯૫ હેઠળ ૩ વર્ષ સુધીની કેશ અથવા ઘે. આઈલા બન્ને થઈ શકે છે.

-:: વિસ્તાર ::-

સમગ્ર અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પેલીસ કમિશ્નર સિવાયના અમદાવાદ હકુમત હેઠળને સમગ્ર વિસ્તાર

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા. ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સમયગાળો

-::સમયગાળો ::-

આ જાહેરનામું તા.૦૭/૦૬/૨૦૨૫ના કલાક ૦૦/૦૦ થી તા.૦૮/૦૬/૨૦૨૫ કલાક ૨૪:૦૦ સુધી (બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમા ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબઈન્સપેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવેછે.

આજ રોજ તા.૦૫/૦૬/૨૦૨૫ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ - ૩૭(૧) અન્વયે

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર.- ૧૦૬/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ- ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂર, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરાવવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:: વિસ્તાર ::-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-:: અપવાદ ::-

આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા ક સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ- ૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ - ૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા. ૦૪/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા. ૧૮/૦૬/૨૦૨૫ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૩૧/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ - ૩૭(૩) અન્વયેનો હુકમ

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૧૦૭/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ- ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૦૪/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૮/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તારઃ- અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

ખુલાસોઃ- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદઃ- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ - ૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ - ૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૮/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૩૧/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

બી.આર.સાગર
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અમદાવાદ

સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી દ્વારા

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક:- સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ તા.૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૨૪/૦૧/૨૦૨૨

(૩) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૧૦/૦૮/૨૦૨૨

(૪) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:એસ.વી.પ/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઇડલાઇન/૨૦૨૨ તા.૨૮/૦૧/૨૦૨૨

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક:-સ્વામિત્વ યોજના/૧૨૬/જાહેરનામું/વીસાડી/બોડેલી/૨૦૨૫, તા-૧૩/૦૫/૨૦૨૫

જાહેરનામું:-

નં:સ્વા.યોજના/મોઘલા/નસવાડી/૧૨૬/જાહેરનામું/૨૦૨૫.- ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના (આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ) SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ તથા ૩ ના ઠરાવથી જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણ-૪ થી સ્વામિત્વ યોજના હેઠળ ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજે: મોઘલા, તા.નસવાડી, જિલ્લો: છોટાઉદેપુરમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, છોટાઉદેપુર દ્વારા તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને રજુ કરેલ છે.દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોક્સી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ હું, વિમલ બારોટ, સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી, છોટાઉદેપુર તે મોજે: મોઘલા, તાલુકો-નસવાડી, જિલ્લો-છોટાઉદેપુરના આ સાથેના પત્રક-ક માં જણાવ્યા : મુજબ(સ.નં.૧૧/બ્લો.નં.૪૧૨ ક્ષે.૧૩૪૫૬ ચો.મી)ના સરવે નંબર/સરકારી પડતર/ગામતળને સિટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

છોટાઉદેપુર, તા.૦૩-૦૬-૨૦૨૫.

વિમલ બારોટ
સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ કમ
એકત્રીકરણ અધિકારી, છોટાઉદેપુર

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક-CSAHDRSAHAA202500491 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ભવ્યા ઈન્ડસ્ટ્રીયલ કો.ઓપ. સર્વિસ સોસાયટી લિ., મુ.મીરોલી તા:દસક્રોઈ, જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા:૦૯મી મે, ૨૦૨૫

પ્રતિ,

શ્રીતેજસ વિક્રમભાઈ મોદી

મુખ્ય પ્રયોજકશ્રી,

સુચિત ધી સંસ્કૃતિ હાઈટ્સ કો.ઓ. હાઉસિંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી

મુ.લાંભા તા:વટવા, જિ.અમદાવાદ

એલ-૨૦૨, સુરાંયા એપાર્ટમેન્ટ, નિગમ બસ સ્ટોપ પાસે,

ઘોડાસર, અમદાવાદ-૩૮૦૦૫૦

વિષય:- ધી સંસ્કૃતિ હાઈટ્સ કો.ઓ. હાઉસિંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી

મુ.લાંભા તા:વટવા, જિ.અમદાવાદની નોધણી કરવા બાબત

સંદર્ભ :- અત્રેની કચેરીના તા.૧૭/૦૨/૨૦૨૫ ના પત્ર નં:જા.નં: નધણ/૦૧/ક-૨/૯૭(એ)/૨૦૨૫

જા.નં: નધણ/૦૧/ક-૨/૧૧૩૭/૩૧૫/૨૦૨૫ સવિનય ઉપરોકત સંદર્ભદર્શિત વિષય પરત્વે જણાવવાનું કે, ઉકત સંદર્ભના પત્રથી અત્રેની કચેરી દ્વારા આપની સોસાયટી, સંસ્કૃતિ હાઈટ્સ કો.ઓ. હાઉસિંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લીમુ.લાંભા તા:વટવા, જિ.અમદાવાદની નોધણી તા.૧૭/૦૨/૨૦૨૫, નંબર CSAHDRSA-HAA202500003 થી ઓટો જનરેટ કરી નોધણી અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ. વડી કચેરીની તા:૨૧/૦૩/૨૦૨૫ ની ઈ-મેંઈલ પરની સુચના મુજબ આઈ.એફ.પી.પોર્ટલ પર અગાઉ આપની સોસાયટી-નું ઓટો જનરેટ થયેલ નોધણી પ્રમાણપત્રમાં પોર્ટલ પરના અપડેશનના કારણે ઓફલાઈન નંબર નાંખવાના થતા હોય, ઓફલાઈન નંબર નોધણી પ્રમાણપત્ર જનરેટ કરી સોસાયટીને આપવા સુચના થઈ આવતા અત્રેથી આપની સોસાયટીનું તા:૧૭/૦૨/૨૦૨૫ ના રોજ નોંધણી નંબર : નધણ/એએચડી/સા(હા)૨૧૧૭૫/૨૦૨૫ થી નવું નોધણી પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવે છે. અને આ સાથે પેટા નિયમમાં પણ નોંધણી નંબર પુરતો સુધારો કરી આપવામાં આવે છે. અત્રેથી આપને આપવામાં આવેલ ઉકત સંદર્ભના તા:૧૭/૦૨/૨૦૨૫ ના પત્રમાં જણાવેલ બાકીની તમામ વિગતો યથાવત રહેશે. જેનાથી વિદિત થશો.

અમદાવાદ તા' ૦૯મી મે ૨૦૨૫

વી.આર.કપુરીયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, (હાઉસિંગ)
અમદાવાદ

ક્રમાંક:CSSURSAHAA202500497 આથી જાહેર કરે છે કે :બંસરી લકઝરીયા કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.ખોલવડ, તા.કામરેજ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા: ૦૯મી મે૨૦૨૫

ક્રમાંક:CSSURSAHAA202500480 આથી જાહેર કરે છે કે :શ્રી સર્જન બંગ્લોઝ-૨ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.મગદદ્લા, તા.મજુરા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા: ૦૬ઠ્ઠી મે૨૦૨૫

ક્રમાંક:REG/SUR/SA(HAA)-20641/2025 આથી જાહેર કરે છે કે : સુમન અર્થ બિલ્ડીંગ એ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.મોટા વરાછા, તા.અઙ્રામા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા: ૦૬ઠ્ઠી મે૨૦૨૫

ક્રમાંક:REG/SUR/SA(HAA)-20640/2025 આથી જાહેર કરે છે કે : શ્રૃંગલ પેલેસ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.બમરોલી, તા.મજુરા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા: ૦૫મી મે ૨૦૨૫

ક્રમાંક:CSSURSAHAA202500467 આથી જાહેર કરે છે કે :શ્રી સર્જન બંગ્લોઝ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.મગદદ્લા, તા.મજુરા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા: ૦૫મી મે૨૦૨૫

ક્રમાંક:CSSURSAHAA202500457 આથી જાહેર કરે છે કે :ઉપવન વિલા કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.ડીંડોલી, તા.ઉધના, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા: ૦૨જી મે ૨૦૨૫

ક્રમાંક:CSSURSAHAA202500418 આથી જાહેર કરે છે કે :અભિષેક રેસીડેન્સી-૨ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.મોટા વરાછા, તા.અઠ્ઠામા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા:૩૦મી એપ્રિલ ૨૦૨૫

ક્રમાંક:CSSURSAHAA202500417 આથી જાહેર કરે છે કે :પાર્વતી નગર કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.સરથાણા, તા.પુણા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા:૩૦મી એપ્રિલ ૨૦૨૫

ક્રમાંક:CSSURSAHAA202500414 આથી જાહેર કરે છે કે : અશ્વ બંગ્લોઝ વિભાગ-૧ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.કોસમાડા, તા.કામરેજ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા:૩૦મી એપ્રિલ ૨૦૨૫

ક્રમાંક:CSSURSAHAA202500414 આથી જાહેર કરે છે કે : અશ્વ બંગ્લોઝ વિભાગ-૧ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.કોસમાડા, તા.કામરેજ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા:૩૦મી એપ્રિલ ૨૦૨૫

જે.એચ.કાકડિયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ), સુરત

ક્રમાંક : ઉખસ/નધણ/CSSURSESH202500483/સને-૨૦૨૫ આથી જાહેર કરે છે કે: ગણેશ કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિમિટેડ.મું. કતારગામ, તા.સુરત સીટી, જિ. સુરતને

સને ૧૯૬૧ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત, તા:૦૭મી મે ૨૦૨૫

એચ.ડી.કાછડ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ સુરત

ક્રમાંક:CSSURSAHAA202500368 આથી જાહેર કરે છે કે : રઘુવીર સ્પેકટ્રમ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.વેસુ, તા.મજુરા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા:૨૧મી એપ્રિલ ૨૦૨૫

ક્રમાંક:CSSURSAHAA202500394 આથી જાહેર કરે છે કે : પ્રયોશા સ્ટાર કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.ડીડોલી, તા.ઉધના, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા:૨૩મી એપ્રિલ ૨૦૨૫

ક્રમાંક:CSSURSAHAA202500397 આથી જાહેર કરે છે કે : ધી વીર અનંતા બિલ્ડીંગ-એ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.જહાંગીરપુરા, તા.અડાજણ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા:૨૪મી એપ્રિલ ૨૦૨૫

ક્રમાંક:REG/SUR/SA(HAA)-20634/2025 આથી જાહેર કરે છે કે : સિલિકોન પામ બિલ્ડીંગ કે કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.ડીડોલી, તા.ઉધના, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા:૨૨મી એપ્રિલ ૨૦૨૫

